# બાળમજૂરી કરતાં બાળકોનો વ્યક્તિ અભ્યાસ

**A**
**DISSERTATION**
**SUBMITTED TO THE**
**SARDAR PATEL UNIVERSITY**
**VALLABH VIDYANAGAR**
**IN PARTIAL FULFILMENT OF**
**THE REQUIREMENTS FOR THE DEGREE OF**

*MASTER OF EDUCATION*

**Guide**
**Dr. RUCHA DESAI**

**Researcher**
**Ms.JAYSHRI ROHIT**

**WAYMADE COLLEGE OF EDUCATION**

**SARDAR PATEL UNIVERSITY**
**VALLABH VIDYANAGAR**
**April – 2015**

# Certificate

This is to be certify that the work incorporated in the dissertation bearing the title **'બાળમજૂરી કરતાં બાળકોનો વ્યક્તિ અભ્યાસ'** submitted by **Ms. Jayshri Rohit** comprises the result of independent and original investigations carried out. The materials that have been obtained from other sources have been acknowledgment in the dissertation.

VallabhVidyanagar

April, 2015

Signature of the Researcher

Certified that the work mentioned above is carried out under guidance.

**VallabhVidyanagar**

April, 2015 **Signature of the Guide**

# Certificate of Approval

This dissertation directed and supervised by the candidate's guide has been accepted by the Waymade College of Education, Sardar Patel University, VallabhVidyanagar in partial fulfillment of the requirement for the degree of

*Master of Education*

**Title:** બાળમજૂરી કરતાં બાળકોનો વ્યક્તિ અભ્યાસ

| | |
|---|---|
| **Guide** | **Researcher** |
| **Dr. Rucha Desai** | **Ms. Jayshri Rohit** |

**Date: /4/2015**

**Professor & Head**

**Waymade College of Education**

# ઋણસ્વીકાર

"સાપડી સિદ્ધિ આંબી સીમા, આભાર પ્રભુ,

સાફલ્ય મારું તેમના સહકારના સહારે ઉભું"

સૌ પ્રથમ સર્વ શક્તિમાન ઈશ્વરનો આભાર માનતા હું ધન્યતા અનુભવું છું કે જેણે મને શિક્ષણ સમાજમાં પ્રવેશવાની તક આપી.

કોઈપણવ્યક્તિમાં ગમે તેટલી શક્તિ હોવા છતાં સફળ થવા માટે તેનેકોઈક ને કોઈક વ્યક્તિનાં સહકારની જરૂર પડે છે. દાદરના ટોચ પહોંચેલો માણસ પ્રથમ પગથિયાનો ઋણી હોય છે.

પરિશ્રમરૂપી પારસમણીદ્વારાઅજ્ઞાનને જ્ઞાન કંચનમાં પરિવર્તન કરવાનું ભગીરથ કાર્ય પરિસ્કુરણાથી શક્ય બને છે. આ લખતી વખતે શું લખવું અને શું ન લખવું જેવી મારી સ્થિતિ છે. કારણ કે સંતોષ અને આનંદની એલાગણીઓ મારી અંદર હિંડોળાલઈ રહી છે. તે શબ્દોમાં આલેખવવા કેવી રીતે? છતાં મર્યાદામાં રહીને થોડું તો લખીશ જ .

"મુંક કરોતીવાચાલમ"જેમને લાગું પડે છે. તેવા મારા માર્ગદર્શક ડૉ. રુચા દેસાઈ એ એમ.એડ્. ના આ સંશોધનનું જ નહિ પરંતુ મારી તમામ મર્યાદાઓ સ્વીકારીને જીવનનું માર્ગદર્શન આપવામાં જીવંત રસ દાખવ્યો છે. જેથી હું તેમનો અંતઃકરણ પૂર્વક આભારમાનીતેમનીઆજીવન ઋણી છું સાથે-સાથે સંશોધન કાર્યમાં જરૂરી પ્રોત્સાહનઆપવા બદલ ડૉ.સુલભા નટરાજ, ડૉ. ભારતી રાઠોડ, ડૉ. શીતલ હેલૈયાનું હું ઋણ સ્વીકાર કરું છું

વિશેષ કે મારા સમગ્ર શૈક્ષણિક જીવન વિકાસમાં પાયાનું યોગદાન આપનાર મારા પૂજ્ય પિતાશ્રી બાબુભાઈ અને માતૃ શ્રી ડહીબેન તથા હંમેશા મારૂ મનોબળ ટકાવી રાખનાર મારી, બહેનધર્મિષ્ઠા,નીલમ ,અને મારા ભાઈ સંજય, નગીનતેમજ પરિવારજનો પ્રત્યે હું કૃતજ્ઞભાવ વ્યક્ત કરું છું.

લઘુસંશોધન કાર્યને પ્રાંરભથીઅંત સુધી નિ:સ્વાર્થભાવે મને સહકાર આપનાર તેમજ મારા કાર્યને આગળ હંકારવા અને જરૂરી પડે મને હકારાત્મક પ્રતિપોષણઆપનાર મારા સ્નેહી મિત્રો અંજુ, છાયા, ઉન્નતિનો હું સહૃ્યતા પૂર્વક આભાર માનું છું.

અંતમાં મારા અભ્યાસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલા મારા સ્વજનોનો હું સહ્રદયઋણ સ્વીકારું છું.

" આ ચરણ તો મારા જ

પણ ચાલતો તે માત્ર હું નથી"

વલ્લભ વિદ્યાનગર જયશ્રી બી. રોહિત

એપ્રિલ-૨૦૧૫

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પાન નં |
|---|---|---|
| * | મુખપૃષ્ઠ | |
| * | પ્રમાણપત્ર | |
| * | અનુક્રમણિકા | |
| * | ઋણસ્વીકાર | |
| પ્રકરણ-૧ | સંશોધનસમસ્યાનો પરિચય | |
| ૧.0 | પ્રસ્તાવના | |
| ૧.૧ | ‘બાળમજૂર’ એક સમાજ શાસ્ત્રીય અધ્યયન | |
| ૧.૨ | બાળમજૂરીનીવ્યાખ્યા | |
| ૧.૩ | બાળમજૂરીની સૈદ્ધાંતિક ભૂમિકા | |
| | ૧.૩.૧બાળમજૂરી સૈદ્ધાંતિક સમજ | |
| ૧.૪ | ભારતમાં બાળમજૂરી વિરૂદ્ધના રાષ્ટ્રીય કાયદાઓ અને નીતિઓ | |
| ૧.૫ | બાળમજૂરી અને ઉપેક્ષિત બાળકો | |
| ૧.૬ | બાળકોના અધિકારો | |
| ૧.૭ | અભ્યાસનું મહત્વ | |
| ૧.૮ | સમસ્યાકથન | |
| ૧.૯ | અભ્યાસના હેતુઓ | |

| | | |
|---|---|---|
| ૧.૧૦ | અભ્યાસના પ્રશ્નો | |
| ૧.૧૧ | સંશોધનનો પ્રકાર | |
| ૧.૧૨ | માહિતી એકત્રીકરણ ઉપકરણ | |
| ૧.૧૩ | માહિતીનું પૃથક્કરણ | |
| ૧.૧૪ | હવે પછીના પ્રકરણનું આયોજન | |
| પ્રકરણ-૨ | સંદર્ભ સાહિત્યની સમીક્ષા | |
| ૨.0 | પ્રસ્તાવના | |
| ૨.૧ | સંદર્ભ સાહિત્યનું મહત્વ | |
| ૨.૨ | સંદર્ભ સાહિત્યની સમીક્ષા | |
| પ્રકરણ-૩ | સંશોધન યોજના | |
| ૩.0 | પ્રસ્તાવના | |
| ૩.૧ | સમસ્યાકથન | |
| ૩.૨ | અભ્યાસના હેતુઓ | |
| ૩.૩ | સંશોધન યોજના | |
| ૩.૪ | માહિતી એકત્રીકરણ ઉપકરણ | |
| ૩.૫ | માહિતીનું પૃથક્કરણ | |
| પ્રકરણ-૪ | માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન | |
| ૪.0 | પ્રસ્તાવના | |
| ૪.૧ | માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન | |
| પ્રકરણ-૫ | સારાંશ, તારણો અને ભલામણો | |

| | | |
|---|---|---|
| ૫.૦ | પ્રસ્તાવના | |
| ૫.૧ | સારાંશ | |
| | ૫.૧.૧ સમસ્યાકથન | |
| | ૫.૧.૨ અભ્યાસના હેતુઓ | |
| | ૫.૧.૩ અભ્યાસના ક્ષેત્રો | |
| | ૫.૧.૪ સંશોધનનો પ્રકાર | |
| | ૫.૧.૫ માહિતી એકત્રીકરણ ઉપકરણ | |
| | ૫.૧.૬ માહિતીનું પૃથક્કરણ | |
| ૫.૨ | સંશોધનના તારણો | |
| ૫.૩ | ભલામણો | |
| ૫.૪ | ભવિષ્યના સંશોધનની દિશાઓ | |
| * | સંદર્ભ સૂચિ | |

# પ્રકરણ-૧

# સંશોધન સમસ્યાનો પરિચય

# પ્રકરણ-૧ સંશોધન સમસ્યાનો પરિચય



| અનુક્રમ | વિગત | પાન નં |
|---|---|---|
| ૧.૦ | પ્રસ્તાવના | |
| ૧.૧ | ‘બાળમજૂર’ એક સમાજ શાસ્ત્રીય અધ્યયન | |
| ૧.૨ | બાળમજૂરીનીવ્યાખ્યા | |
| ૧.૩ | બાળમજૂરીની સૈદ્ધાંતિક ભૂમિકા | |
| | ૧.૩.૧ બાળમજૂરી સૈદ્ધાંતિક સમજ | |
| ૧.૪ | ભારતમાં બાળમજૂરી વિરૂદ્ધના રાષ્ટ્રીયકાયદાઓ અને નીતિઓ | |
| ૧.૫ | બાળમજૂરી અને ઉપેક્ષિત બાળકો | |
| ૧.૬ | બાળકોના અધિકારો | |
| ૧.૭ | અભ્યાસનું મહત્વ | |
| ૧.૮ | સમસ્યાકથન | |
| ૧.૯ | અભ્યાસના હેતુઓ | |
| ૧.૧૦ | અભ્યાસના પ્રશ્નો | |
| ૧.૧૧ | સંશોધનનો પ્રકાર | |
| ૧.૧૨ | માહિતી એકત્રીકરણ ઉપકરણ | |
| ૧.૧૩ | માહિતીનું પૃથક્કરણ | |
| ૧.૧૪ | હવે પછીના પ્રકરણનું આયોજન | |

# પ્રકરણ-૧

# સંશોધન સમસ્યાનો પરિચય

## ૧.0 પ્રસ્તાવના

સૃષ્ટિના સર્જનહારની સર્જનાત્મકતાનું સુંદર પાવન જીવંત સ્વરૂપ એટલે બાળક, સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે“ બાળકએ ઈશ્વરે માનવજાત પર લખેલ જીવંત પ્રેમપત્ર છે.” બાળક એ સુદૃઢ સમાજનો પાયો શાળામાં છે. સુવિકસિત રાષ્ટ્રનું ભવિષ્ય છે. બાળકનું સુંદર ઘડતર એ એના ભાવિ જીવન અને સમાજ તથા રાષ્ટ્ર, તમામને આવરી લેનાર મહત્વનું ઘટક છે. માતા – પિતા, કુટુંબના સભ્યો, શિક્ષક તથા સમાજનું ઉત્તરદાયિત્વ છે કે બાળકને તદુરસ્ત વાતાવરણ પૂરૂં પાડે. બાળકનાં ઘડતરમાં વિદ્યાભ્યાસ, શિક્ષણ, કેળવણીનું આગવું અને મહત્વનું પ્રદાન રહેલું છે.

બાળક એવો કુમળો છોડ છે જેને જરૂરીપોષકબળપૂરાપાડીમુક્તપણે ખીલવા દેવામાં આવે તો તેનો સવાર્ગી વિકાસ થાય છે અને તે ઉધાનની શોભા બની રહે છે. પરંતુ આ સમયે એને જરૂરીપરિબળોનો અભાવ હોય તથા તેના પર કોઈ કારણસર આર્થિક ઉપાર્જન માટે કે અન્ય કારણે શારીરિક કે માનસિક બોજ નાખી દેવામાં આવે તો તેનો યોગ્ય વિકાસ થઈશકતો નથી અને તેનો સર્વાંગી વિકાસ રૂંધાઇ જાય છે

બાળકવિદ્યાભ્યાસ માટે શાળામાં પ્રવેશે છે. શાળાએ વિધાર્થીના સર્વાંગી વિકાસમાં મુખ્ય ભાગ ભજવે છે. શાળામાં આવતો વિધાર્થી શાળામાં સારી રીતે અભ્યાસ કરી શકે તે જરૂરી છે. આ સમયે કોઈ સમસ્યા ન હોય

અને તે તણાવમુક્ત હોય તો તેનું મન વિદ્યાભ્યાસમાં સારી રીતે રહે છે અને તે વિધા આત્મસાત કરી શકે છે.

વ્યકિતનાં સંપૂર્ણ અને તંદુરસ્ત વ્યકિતત્વ વિકાસના પાયામાં જે પરિબળો રહેલા છે. તેમાં ઘરનું વાતાવરણ, લાગણી, સ્નેહ, આનંદ વગેરે રહેલા છે. આ સાથે તેનો વિદ્યાભયાસ તરફનો લગાવ, એનાં અભ્યાસ તરફનાં વલણો, એનું અનુકૂલિત મન અને અભ્યાસમાં ઉદભવતી સમસ્યાઓ પણ એટલા જ અગત્યના છે.

માતા – પિતાની આર્થિક સ્થિતિ નબળી હોવાને લીધે ઘણા બાળકો અભ્યાસ સાથે કોઈને કોઈ વ્યવસાયમાં જોળાય છે. જેની અસર શિક્ષણ પર સીધી અને આડકતરી બંને રીતે પડે છે. માતા – પિતા વ્યવસાય અર્થ બહાર જતા હોય ત્યારે પણ સંતાનોને ઘરની કામગીરીમાં જોડાવું પડે છે. આની અસર અભ્યાસ પર પડે છે. જેને લઈ અભ્યાસ પ્રત્યેના વલણોમાં બદલાવ આવે છે. એના અનુકુલનો પર અસર થાય છે તેમજ અભ્યાસમાં સમસ્યાઓ ઉદભવે છે. જેને લઈ તે પોતાનાં તંદુરસ્ત ભવિષ્ય તરફ ડગ માંડી શકતો નથી.

બાળકએ આવતી કાલનો નાગરિક છે. આવતી કાલનું ભવિષ્ય છે. આપણા ભારત દેશમાં સૌથી વધારે બાળમજૂરો આપણને જોવા મળે છે. એ બાબત આપણા માટે રાષ્ટ્રીય શરમજનક વાત છે. આપણા બંધારણે ૫ થી ૧૪ વર્ષનાં બાળકોને અનિવાર્ય અને મફત શિક્ષણનો લાભ આપેલો હોવા છતાં પણ આપણો દેશ બાળમજૂરીનોએ અભિશાપ ભોગવી રહ્યો છે. આજે આપણે ગમે ત્યાં નાના બાળકો કામ કરતાં જોવા મળે છે.

બાળમજૂરી એટલે કે જે ૧૮ વર્ષની નીચેની વયે જે મજૂરી કરે છે તેનેબાળમજૂરીતરીકેઓળખવામાં આવે છે.

બાળક જાતે મજૂરી કરવા માંગતો નથી પણ બાળકની મજબૂરીને કારણે પણ બાળમજૂરી કરવામજબૂર બને છે. ઘણાં પ્રતિબંધ હોવાને કારણે પણ આપણા દેશમાં બાળમજૂરી જોવાં મળે છે.

'ચ્હા' જેવી નાની લારી આગળ પણ નાના બાળક કામ કરતાં જોવા મળે છે. ઘરમાં વધારે સભ્યો હોવાને કારણે પણ બાળકને મજૂરી કરવી પડે છે.

બાળક નાનું હોય છે ત્યારે તેના રમવાના દિવસો અને ભણવાના દિવસો હોય છે ત્યારે આવું નાનું બાળક કેમિકલ જેવી ભયાનક ફેકટરીમાં કામ કરતો દેખાય ત્યારે સૌથી દુઃખજનક પ્રશ્ન કહેવાય છે.

આ સંશોધનમાં મુખ્ય બિંદુ 'બાળમજૂરી' પર ભાર મુકવામાં આવ્યો છે. શિક્ષણ મેળવતાં-મેળવતાં પણ મજૂરી કરતાં બાળકો આપણા ભારતદેશમાં જોવા મળે છે કારણ કે આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે પણ બાળક મજૂરી કરવાં મજબૂર બને છે.નાના ભાઈ-બહેનને ભણાવવા માટે પણ ઘરમાં સૌથી મોટું બાળક મજૂરી કરીને પોતાના ભાઈ-બહેનને ભણાવે છે.

બાળપણએ આપણાજિંદગીનો સૌથી સુંદર અને મજાનો સમયગાળો હોય છે. ત્યારે જો આવું બાળક કામ કરતો જોવા મળે છે ત્યારે શરમજનક વાત બનતી હોય છે. આખો દિવસ પોતાની મસ્તીમાં જ ખોવાયેલ રહેવાનું , હરવું-ફરવું, રમવું અને ભણવાના દિવસોમાં કામ કરતાં બાળકો આપણા

દેશમાં જોવા મળે છે. ગરીબી-લાચારીને કારણે પણ બાળકને મજૂરી કરવી પડે છે. બાળક જુદી-જુદી જગ્યાએ મજૂરી કરતો આપણને જોવા મળે છે.

"કોઇપણ બાળક કે જેને કામની પ્રવૃતિમાં રોકવામાં આવે છે તેને પણ બાળમજૂરી તરીકે ઓળખવામાં આવે છે."

બાળમજૂરી શબ્દ દ્વારા જ આપણને કેટલાંક ખ્યાલ આવી શકે છે કેબાળ એટલે નાના છોકરાઓ. મજૂરી એટલે કામ કરવું. બાળકને એવો ખ્યાલ નથી આવતો કે પોતે બાળમજૂરી કરે છે, પરંતુ તેને તો તે કામ કરવામાં મજા આવે છે. મોટા-મોટા પૈસાદાર લોકો પણ નાના બાળકને થોડા પૈસા આપીને વધારે કામ કરાવે છે તે એક પ્રકારની બાળમજૂરી છે. શહેર હોય કે ગામડું હોય ત્યાં પણ બાળમજૂરી જોવા મળે છે. દ.ત. કડિયાકામ કરનાર માણસો એક જગ્યાએ સ્થિર રહેતા નથી તેઓને આજે આ ગામ તો બીજે દીવસે બીજા ગામ ફરતા હોય છે. તેથી બાળકને કોઈ શાળામાં મૂકી શકતાં નથી. જેને કારણે મા-બાપ સાથે બાળક પણ કામ કરે છે. જેનાથી માતા-પિતાને ઘરમાં મદદ કરી શકે. માતા-પિતા પણ એવું સમજે છે કે ભણાવીનેખોટા પૈસા વ્યર્થ કરવા કરતાં કામ કરશે તો મદદ થશે. બાળમજૂરી કરવા પાછળનુંકારણ એ પણ હોઈ શકે છે કે તેમનાં મા-બાપ નિરક્ષરહોય છે.

કુંટુંબના સભ્યો અનેવાતાવરણબાળકનાં મનમાં પહેલેથી જ ઘડાયેલું જોવા મળે છે. નાનપણથી ઘરની પરિસ્થિતિ સામાન્ય હોય છે તેથી એકબીજાનું જોઈ બાળક કામ કરવાં તત્પર થશે. ઘરમાં માતા-પિતાને પણ ઘણી તકલીફ પડે છે. ઘરના સભ્યોને પાલવી શકતાં નથી તેથી તે બાળકને કામ કરવા જતા રોકતા નથી. બાળમજૂરી કરવા પાછળનું કારણ હોય છે.

પેટનું ભરણ-પોષણ માટે આટલા બધા લોકો વેઠ કરે છે માટે એક કહેવતમાં સાચું જ કહેવાયું છે કે ‘પેટ કરાવે વેઠ’.

## ૧.૧ ‘બાળમજૂર’ એક સમાજશાસ્ત્રીય અધ્યન

બાળમજૂર એ વિકસિત અને અવિકસિત બંને દેશોને સ્પર્શતી સમસ્યા છે. બાળકો નિશાળે જવાને બદલે પોતાના તથા કુટુંબના આર્થિક નિભાવ અર્થ સવેતન કામ કરે છે ત્યારે તેને બાળમજૂર કહેવામાં આવે છે. બાળમજૂરની વ્યાખ્યા દેશકાળ અને પ્રદેશ મુજબ જુદી-જુદી ઉંમરનાં આધારે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. ભારતીય બંધારણ મુજબ ૧૪ વર્ષથી નીચેની ઉંમરનો બાળક જયારે આર્થિક નિભાવ અર્થ સવેતન કામમાં જોડાય છે ત્યારે તેને બાળમજૂરી કહેવામાં આવે છે. કાયદા ધ્વારા બાળમજૂરની ઉંમર ૧૪ વર્ષની નિર્ધારિત કરવામાં આવેલ છે પરંતુ રાજ્ય, પ્રદેશ, દેશ, કાળ મુજબ તેમાં તફાવત પ્રવર્તે છે.

## ૧.૨બાળમજૂરની વ્યાખ્યા

૧૯૪૮ ના કાયદા મુજબ “૧૪ વર્ષથી નીચી ઉંમરના મજૂરનો સમાવેશ બાળમજૂર તરીકે ઓળખવામાં આવે છે.”

૧૯૮૧નાં ફેક્ટરી કાયદા “૧૨ વર્ષથી નીચી વયમર્યાદાધરાવતામજૂરને બાળમજૂર કહેવામાં છે.”

## ૧.3 બાળમજૂરની સૈદ્ધાંતિક ભૂમિકા

વિશ્વનો કોઇપણ દેશ બાળમજૂરથી અછડતો નથી રહ્યો. તાજેતરના આંકડા પ્રમાણે સડા એક્વીસકરોડ કરતા પણ વધુ માસૂમોનું બાળપણ છીનવીને તમને મજુરીનાં કીચડમાં ધકેલી દેવામાં આવ્યો છે.

## ૧.3.૧ બાળમજૂરી સૈદ્ધાંતિક સમજ

બાળમજૂરી માટે ગરીબીએ પાયાનું મુખ્ય કારણ બને છે. ગરીબીની અસર સામાજિક ક્ષેત્ર ઉપર થયેલા જણાય છે. ગરીબીની સાથે સામાજિક પછાતપણું નિરક્ષરતા બેરોજગારી ઓછી જાગૃતતા વગેરે જોવા મળે છે જેની સમાજ ઉપર વિવિધ પ્રકારની અસરોજોવામળે છે. ગરીબીકુંટુંબનેએક ચોક્કસ પ્રકારની પરિસ્થિતિમાં ધકેલીમાં દે છે. જ્યાં વંચિત્તતાનેકારણે કુટુંબના દરેક સભ્યને આવક મળે તે માટે કાર્યરત થવું પડે છે તેમાં તે જીવનનો અમૂલ્ય સમય ગાળો કે જેમાં તેની ભૂમિકા ભજવવા માટે તાલીમ લેવાની હોય છે તે ગુમાવી દે છે અને તેથી તેઓ અકુશળ કારીગર તરીકે સમગ્ર જીવનભરકાર્ય કરે છે અને બદલો પ્રાપ્ત કરે છે.પરિણામ સ્વરૂપ એક વિષચક્ર ઊભું થાય છે કે જે તૂટતું નથી અને તે વિકસતા દેશોમાં અને ગરીબ દેશોમાં વધુને વધુ જોવા મળે છે.આનું મુખ્ય કારણ એ પણ જોવા મળે છે કે કાર્યને યોગ્ય ઉંમરના માણસો એ યોગ્ય કાર્ય તથા યોગ્ય બદલો પ્રાપ્ત થતો નથી.આબધાની અસર તેમને સામાજિક ભૂમિકા પર થતી જોવા મળે છે.

## ૧.૪ ભારતમાં બાળમજુરી વિરુદ્ધનાંરાષ્ટ્રીયકાયદાઓ અને નીતિઓ

બાળકો તંદુરસ્ત રીતે, આઝાદીથી અને સ્વમાનથી વિકાસ કરી શકે તે માટેની તકો અને સુવિધાઓપૂરીપડવી જોઈએ અને બાળપણ અને યૌવનનેનૈતિક અને ભૌતિક સ્વચ્છતાથી રક્ષણ આપવું જોઈએ.

- કલમ ૩૯ ઈ.

બાળમજૂરી એવી બાબત છે કે જે માટે બંને કેન્દ્ર અને રાજ્ય સરકાર કાયદાઓ ઘડી શકે. બંનેકક્ષા પર સંખ્યાબંધ કાયદાકીય પહેલો થવી જોઈએ

બાળમજૂરીધારો/કાયદો,૧૯૮૬: આ કાયદો ૧૪ વર્ષથી નીચેના બાળકોની ૧૩ વ્યવસાયમાં અને ૫૭ પ્રક્રિયાઓ કે જે બાળકોના જીવન અને આરોગ્ય જોખમરૂપ છે. તેમાં બાળકોને રોજગારીઓ મનાઈ છે

- **બાળમજૂરી નીચેના કાયદાઓ હેઠળ પ્રતિબંધિત છે.**

- બાળમજૂરી પ્રતિબંધ અને નિયમન ધારા ૧૯૮૬

- કારખાના અધિનિયમ ૧૯૪૮ ની કલમ ૬૭

- મોટર ટ્રાન્સપોર્ટ કામદારઅધિનિયમ, ૧૯૬૧ ની કલમ – ૨૧

- બીડી અને સિગાર કામદાર(રોજગારી શરતો)અધિનિયમ, ૧૯૬૬ ની કલમ ૨૪

- ઇન્ડીયન પીનલ કોર્ડનીકલમો ૩૭૦ અને ૩૭૪ અન્વયે

- જુવેનાઇલ જસ્ટીસ એક્ટ ૨૦૦૦ની કલમ- ૨૩,૨૪ અને ૨૬

વિશેષમાં સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર ૪૬૫/૮૬માં આપવામાં આવેલ ચૂકાદા અન્વેય દરેક જીલ્લા કલેક્ટરશ્રીનાઅધ્યક્ષપણા હેઠળ “બાળમજૂરી પુનવર્સન અને કલ્યાણ નિધિની રચના કરવામાં આવેલ છે. ઉપરોક્ત ચુકાદા પ્રમાણે જોખમી ધંધાઓમાં બાળમજૂરીને કામે રાખવામાં આવેલ હોય તો જે તે ઉદ્યોગ ધંધાના માલિક પાસેથી પ્રત્યેકબાળમજૂરી દીઠ રૂ/ ૨૦૦૦૦વસૂલ કરી ઉક્ત બાળમજૂર પુનર્વસન નિધિમાં જમા કરાવવાનાં રહે છે.

- **બાળમજૂરીઅંગેનીનીતિઓ**

- નાયબશ્રમ આયુક્ત

- જે-તે જીલ્લાનાં મદદનીશ શ્રમ અધિકારી

- ગુમાસ્તા ધારા હેઠળ નિરીક્ષકો

- કલેકટરશ્રીના અધ્યસ સ્થાને રચાયેલા ટાસ્કફોર્સ વગેરે સમક્ષ થઈ શકે છે.

- **બાળમજૂરી નાબુદ કરવા આપણે આટલું તો કરીએ જ.**

કોઈ બાળક નિશાળ બહાર માલૂમ પડે તો તેનાં માતા-પિતાનો સંપર્ક કરીને પ્રાથમિક શિક્ષણની યોજનાઓનો લાભ લઈ બાળક ફરીથી ભણતો થાય તેની કાળજી લઈએ.

- બાળક પાસે મજૂરી કરાવવામાં આવતી માલૂમ પડે તો સંબંધિત અધિકારીને તેની જાણ કરી કાયદાકીય પગલા લેવડાવીએ.

- જ્યાં બાળમજૂર કામ કરતો હોય ત્યાં ગ્રાહક ન બનીએ, બાળકોની સેવા તથા બાળકોએ બનાવેલી વસ્તુઓનો બહિષ્કાર કરીએ જેથી બાળમજૂરી

કરાવનાર માલિકને આર્થિક નુકશાન થશે પરિણામે પુખ્ત વયની વ્યક્તિને કામે રાખવાની ફરજ પડશે. બાળમજૂરી નાબૂદકરવાનું આ સૌથી સરળ અને યોગ્ય પગલું છે.

## ૧.૫ બાળમજૂરી અને ઉપેક્ષિત બાળકો

૧૪ વર્ષથી ઓછી ઉંમરનાં શ્રમિકોને બાળશ્રમિક અથવા બાળમજૂરી કહેવામાં આવે છે. વિશ્વમાંસૈથી વધારે બાળમજૂરો ભારતમાં છે. તેઓસંગત અને અસંગ  ક્ષેત્રોમાં કામ કરતાં જોવા મળે છે. આજે ભારતમાં બાળમજૂરોની સંખ્યા લગભગ સવા કરોડ છે. જે ભારતને કુલ વસ્તીના ૧.૫૦% જેટલી થાય છે. બાળમજૂરોમાં ૪૫% તો બાલિકાઓ. મોટા ભાગના બાળમજૂરો ખેતીવાડી તેમજ તેની સાથે જોડાયેલી પ્રવૃતિઓ જેમ કે, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ અને જંગલ સાથે સંકળાયેલ પ્રવૃતિઓમાં રોકાયેલ છે. તેઓ શહેરી અને અર્ધ શહેરી વિસ્તારોમાં જોવા મળે છે. તમે ઘણાં નાનાં બાળકોને નાની હોટલો, ચ્હાના ગલ્લા, ગેરેજો વગેરેમાં કામ કરતાં જોયા હશે. ઉપરાંત બાંધકામ સ્થળે, ખેતરોમાં, સફાઈકામમાં તેમને કોને ને કોઈ સ્વરૂપે કરતાં જોયા હશે.

બાળક એ શ્રમનું સસ્તામાં સસ્તું સાધન છે, પોતાને રોજગારીએ રાખનાર માલિકનો તે વિરોધ કરી શકતું નથી. તેને કારણે બાળમજૂરોની માંગ પણ વધારે રહે છે. એને ધમકાવીને, ડરાવીને, લાલચ આપીને કામ કઢાવી શકાય છે અને તેનું શોષણ કરી શકાય છે. તેમનાં કામકાજનાં કલાક નક્કી હોતા નથી. કઠિન પરીસ્થિતિઓમાં ઓછા વેતને તેમને મજૂરી કરવાની ફરજ પડે છે. શિક્ષણ, મનોરંજન, આરામ, પ્રેમ, હૂંફ અને યોગ્ય

સાર સંભાળથી વંચિતઆ કમનસીબ બાળકો પોતાના બાળપણનો આનંદ પણ લઈ શકતાં નથી.

બાળમજૂરીનું મુખ્ય કારણ ગરીબી છે. બાળકોને ભણવાની ઉંમરે આવાં કામ કરવાની ફરજ પડે છે. ક્યારેક તેઓ પોતાનું પેટ ભરવા કે પોતાના પરિવારને મદદરૂપ થવા મજૂરી કરે છે. દેવામાં ડૂબેલાં ગરીબ કુટુંબો પોતાનાં બાળકોનેઘરનાં કામ કરવા કે ખેતમજૂરી તરીકે કામ કરવાની ફરજ કરે છે. કેટલાક બાળકોને તો આવી પરિસ્થિતિમાં વેઠિયા મજૂર તરીકે કામ કરવું પડે છે. બાળમજૂરી એ ભારતીય સમાજનું એક કલંક છે. એને વહેલામાં વહેલી તકે દૂર કરવું એ આપણી મુખ્ય પ્રાથમિકતા હોવી જોઈએ.

ભારતનાં બંધારણમાં બાળકોનાંરક્ષણઅને વિકાસ માટે મહત્વની જોગવાઈઓ કરવામાં આવી છે જે નીચે મુજબ છે.

- ૧૪વર્ષથી ઓછી ઉંમર ના કોઈ પણ બાળકને કોઈ કારખાના કે જોખમ ભરેલા કામે રાખીશકે નહિ.

- બાળપણ અને કિશોર અવસ્થા દરમિયાન તેમનું શોષણ ન થાય તેમજ નૈતિક સુરક્ષા અને ભૌતિક સુવિધાથી વંચિત કરી શકે નહિ.

- બંધારણનોઅમલસ્વરૂપ થયાના ૧૦ વર્ષની અંદર ૧૪ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અપાશે. આ સંદર્ભમાં તાજેતરમાં ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર બંધારણીય સુધારો કરી પસાર કરવામાં આવ્યો છે. આમ, બાળકોનેશિક્ષણમેળવવાનો અધિકાર મૂળભૂત અધિકાર બન્યો છે.

સમાજમાં તરછોડાયેલાં, અનાથ અને ઉપેક્ષિત બાળકો શિક્ષણથી વંચિત અને રહેવાના કારને કેટલીક વખત સમાજની અનિષ્ટ પ્રવૃત્તિઓ જેવી કે ચોરી,નશીલા પદાર્થોની હેરાફેરી,ભીખ માગવી પરિણામે કુમળી વયે એ ગુનાહિત કૃત્ય કરવા તરફ દોરાય છે.

## ૧.૬ બાળકોના અધિકારો

આપણા સમાજમાં સૌથી અસુરક્ષિત વર્ગ જો કોઈ હોય તો આપણા બાળકો છે.કોઈ પણ રાષ્ટ્રના વિકાસનો આધાર તેનાં બાળકોનાં સર્વાંગી વિકાસ પર રહેલો છે.તેથી તેમના પ્રત્યે સૌથી વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.બાળવિકાસ અને તેમનું કલ્યાણ કોઈ પણ સમાજનાં સર્વાંગી વિકાસની પૂર્વશરત છે.માટેજ આપને બાળકોને રાષ્ટ્રની સંપત્તિ કહીએ છીએ.બાળકોનો સારી રીતે ઉછેર કરવો. શારીરિક,માનસિક અને બૌદ્ધિક શક્તિઓનો વિકાસ કરવો અને તેમ કરીને તેમને સ્વસ્થ, જવાબદાર નાગરિક બનાવવા એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ.

બાળકોના જીવનવિકાસ અને કલ્યાણ સબંધી અધિકારોની ઘોષણા સંયુક્ત રાષ્ટ્રો તરફથી કરવામાં આવી છે.બધા સભ્ય રાષ્ટ્રો આ અધિકારોને પોતાના બંધારણમાં સ્થાન આપે અને એ અધિકારો વ્યવહારમાં ચરિતાર્થ થાય એવી અપેક્ષા રાખવામાં આવે છે.આ બાળ અધિકારોમાં નીચેના અધિકારોનો સમાવેશ થાય છે.

(૧) જાતિ,રંગ,લિંગ,ભાષા, ધર્મ કે રાષ્ટ્રીયતાના કોઈ પણ જાતના ભેદભાવ વિના બાળકોને જીવવાનો જન્મસિદ્ધ અધિકાર છે.

(૨) માતા-પિતા દ્વારા બાળકોનું યોગ્ય રીતે પાલન પોષણ થાય એ પણ તેનો એક અધિકાર છે.કોઈ પણ બાળકને કોઈ ખાસ કારણ વિના તેનાં માતાપિતાથી અલગ કરી શકાય નહિ.

(૩) દરેક બાળકને શિક્ષણ મેળવવાનો અધિકાર છે. જેથી તે પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરી શકે.

(૪) દરેક બાળકને તંદુરસ્ત અને સ્વસ્થ જીવન જીવવાનો અધિકાર છે.રમતગમત અને મનોરંજનની પ્રવૃત્તિઓમાં ભાગ લઇ આનંદી જીવન જીવવાનો અધિકાર છે.

(૫) દરેક બાળકને પોતાના ધર્મ,સમુદાયમાં રહેવાનો અને સંસ્કૃતિ જાળવવાનો અધિકાર છે.

(૬) બાળકને પોતાની રીતે અભિવ્યક્તિ કરવાનો,મંડળી રચવાનો અને તેના સભ્ય બનાવાનો અધિકાર છે.જેમ કે,બાળસંવાદ

(૭) દરેક બાળકને કોઈ પણ પ્રકારની શારીરિક અથવા માનસિકહિંસા, શોષણ, યાતનાસામે રક્ષણ મેળવવાનો અધિકાર છે.

(૮) પોતાના શારીરિક,માનસિક,નૈતિક અને સામાજિક વિકાસ માટે સામાજિક સુરક્ષાઅને યોગ્ય જીવનસ્તર પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

બાળકોના શોષણ સામે રક્ષણ મેળવવાનો અધિકાર આપણે જાણીએ છીએ કે આપણી આજુબાજુ બાળકોનું મોટા પ્રમાણમાંશોષણ થાય છે.આજે આપણો સમાજ જે કઠિન પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે તેના એક પરિણામ સ્વરૂપે બાળકોની ઉપેક્ષા બાળમજૂરી વગેરે જેવી ગંભીર સમસ્યા ઊભી થઈ છે.બાળકો ઉપેક્ષા અને બાળમજૂરીજેવી શોષણપ્રથાનો ભોગ ન

બને તે માટે તેમનું રક્ષણ લોકજાગૃતિની ઝુંબેશ દ્વારા કરવાની ખાસ જરૂર છે.સાર્વત્રિક મફત અને ફરજિયાત શિક્ષણ દ્વારા આ સમસ્યા આપણે હળવી કરી શકીએ. બાળકો ઉપર જાણીબુઝીને માનસિક અથવા શારીરિક પીડા પહોંચાડવી એ બાળ અત્યાચાર છે.

બાળકો ઉપર થતા અત્યાચારોની ઘણી માઠી અસર તેનાં શરીર અને મન ઉપર થાય છે.બાળકોનું મન અત્યંત સંવેદનશીલ હોય છે.એનું અપમાન થાય, ઉપેક્ષા થાય,શારીરિક સજા કે ધમકીથી તેનેમાનસિક પીડા થાય છે.આ બધું અટકાવવાનીખાસજરૂર છે. બાળકો શારીરિક અને જાતીય સતામણીનો ભોગ ન બને એ માટે ખાસ તકેદારી રાખવી જોઈએ.બાળકોને થયેલી શારીરિક ઈજા તરફ ધ્યાન આપીને તેની દાકતરી સારવાર કરાવવી જોઈએ.વર્તમાનપત્રો કે અન્ય પ્રસારમાધ્યમોથીએવું જાણવા મળે છે કે નજીકના સગા સંબંધીઓ કે અપરિચિત વ્યક્તિઓ દ્વારા બાળકોની જાતીય સતામણી કરવામાં આવે છે.આવી સતામણીથી બાળક આઘાતની લાગણી અનુભવે છે.પરંતુ ભય, શરમ કે ધમકીને કારણે તે પોતાની આપવીતી કહેતાં ખચકાટ અનુભવે છે.આથી બાળકોને વિશ્વાસમાં લઈ જરૂરી કાનૂની પગલાં ભરવાં જોઈએ. આ બાબતમાં માતા-પિતા, શિક્ષકો, અને વડીલોએ તાત્કાલિક ધ્યાન આપવું જોઈએ.બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે ઘરનું વાતાવરણ સ્વસ્થ અને તનાવમુક્ત હોવું જોઈએ.કુટુંબ  જ બાળકોને જરૂરી સ્નેહ, સહાનુભૂતિ, હૂંફ, સ્વીકૃતિ, સલામતી પ્રાપ્ત થવા જોઈએ. બધા જ બાળકોનો આ એક મૂળભૂત અધિકાર છે.

## ૧.૭ અભ્યાસનું મહત્વ

કોઈપણ બાબત પરત્વે મહત્વ જ કાર્ય દિશા નક્કી કરી શકે છે. સંશોધનના કારણે જેતે ક્ષેત્રમાં બદલાવ લાવી શકાય છે. આમ, સંશોધનના કારણે સાચી પરિસ્થિતિનો ખ્યાલ મળે છે.

પ્રસ્તુત સંશોધનનું મહત્વ નીચે પ્રમાણે છે.

પ્રસ્તુત સંશોધનનાં તારણો સંશોધન કરનાર, સંશોધકને બાળકની સમસ્યાઓનીજાણકારી મેળવવામાં અને તેની બાળકો પર થતી અસર જાણવામાં ઉપયોગી થશે.

હાલનાં સમયમાં આપણે જોઈ રહ્યા છે કે બાળમજૂરીએ દેશ માટે અભિશાપરૂપ સમસ્યા છે. અનેક જાતની સગવડો આપવા છતાં પણ બાળમજૂરી ઓછી થવાને કારણે વધતી જોવા મળે છે. તેનું કારણએ છે કે ગરીબી હેઠળ જીવતાં હોવાને કરણે, ઘરમાં આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે, માતા – પિતા અભણ હોવાને કારણે, નાના- ભાઈ – બહેનને ભણવાને કારણે પણ બાળમજૂરી વધતી જોવામળે છે. કુટુંબની જવાબદારી નિભાવવા માટે શિક્ષણ છોડવું પડે છે અને મજૂરી કરવા બાળક મજબૂર બને છે.

દુનિયામાં એવા કેટલાંય કુટુંબો છે જેમાં મોટો ભાઈ કે બહેન હોય તે પોતાનાં નાના ભાઈ- બહેનને પોતે મજૂરી કરી ભણાવે છે. બાળમજૂરી કરવા પાછળ એક અગત્યનું કારણ ભાગ ભજવેછે કે માતા – પિતાનું નિરક્ષર હોવું માતા-પિતા ભણેલા ન હોવાથી તે શિક્ષણ શું છે? તેનાથી શું ફાયદો થાય છે. તેનાંથી કેવી રીતે નોકરી મળે. કેવી રીતે પોતાનાં સમાજમાંથી આગળ આવી શકાય તે જાણી શકતા નથી. તેનાથી અલિપ્ત

રહે છે માટે પોતાનાં સંતાનોને ભણાવતા નથી અને આછી-પાતળી નોકરી પર મોકલી દે છે. ઘરની પરિસ્થિતિ એટલી બધી નબળી હોય છે કે પોતાની છોકરીને પણ કામ કરવા મોકલવા પડે છે. અમૂક શહેરો રાજ્યોમાં તો કન્યા વિક્રય જેવાં કામ પણ કરાવવામાં આવે છે. મતા-પિતા એટલી હદ નીચે આવી જાય છે કે પોતાની દિકરીને બીજાને વેચી દે છે આવાં કેટલાંય કિસ્સાઓટી.વી અને વર્તમાન પત્રોમાં આવતાં હોય છે.

સરકાર પણ હવે ધોરણ ૧ થી ૮ માંમફત, ફરજીયાત, સાર્વત્રિકશિક્ષણ આપે છે. જેથી બાળક પ્રાથમિક શિક્ષણ તો પ્રાપ્ત કરીશકે છે. જેનાથી બાળક પોતાનો સારો વિકાસ કરી શકે.

આસંશોધનમાં બાળમજૂરી શું છે? બાળમજૂરી એક સમસ્યાકઈ રીતે છે? એ દર્શાવવામાં આવ્યું છે. કઈ કઈ જગ્યાએ બાળકો કામ કરતાં જોવા મળે છે. તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.કેવાં પ્રકારમાં બાળમજૂરીજોવા મળે છે.ભણતર પર તેની અસર કેવી પડે છે તેનો સમાવેશ કવામાં આવ્યો છે.

આમ પ્રસ્તુત સંશોધન જો ભવિષ્યમાં બીજા સંશોધકો બાળમજૂરી વિશે અભ્યાસ હાથ ધરશે તો તેમને ઉપયોગી સાબિત થશે.

## ૧.૮સમસ્યાકથન

બાળમજૂરીકરતાં બાળકોનો વ્યકિત અભ્યાસ

## ૧.૯અભ્યાસના હેતુઓ

સામાન્ય રીતે કોઈપણ કાર્ય કરવા પાછળ કોઈને કોઈ પ્રયોજન હોય છે. કોઈપણ સંશોધન સહેતુક અથવા હ્તુપૂર્ણ હોય છે. હેતુવિનાનું કાર્ય દિશાશૂન્ય બની જાય છે. કોઇપણ વ્યક્ત કાર્ય કરે તો તેની પાછળ ચોક્કસ હેતુ રહેલો હોયછે. હેતુપૂર્વકનું આયોજન કાર્યને આગળ ધપાવે છે.

અભ્યાસનાં હેતુઓ એ સમગ્ર સંશોધન કાર્યનો કેન્દ્રવર્તી ભાગ છે. હેતુઓ સ્પષ્ટકર્યા વગર કોઇપણ સંશોધન અભ્યાસ હોય શકે જ નહી.

પ્રસ્તુતસંશોધન માટે નીચે મુજબના હેતુઓ નક્કી કરવામાં આવ્યા છે.

૧) બાળકોનાબાળમજૂરીકરવાનાકારણોનોઅભ્યાસ કરવો

૨) બાળકોના ઘરની આર્થક પરિસ્થિતિનોઅભ્યાસ કરવો.

૩) બાળકોની કૌટુંબિક પરીસ્થિતિનો અભ્યાસ કરવો.

૪) બાળકોની શૈક્ષણિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

૫) બાળકો જે કામ કરે છે તેનાં કલાકો અને વેતનનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૧.૧૦ અભ્યાસનાં પ્રશ્નો

કોઇપણ અભ્યાસ ખાસપ્રશ્નોને ધ્યાનમાં રાખીને કરવામાંઆવે તો વધુ વિશ્વાસાત્મક તથા ચોક્કસ માહિતી મેળવી શકાય છે. આથી જ અભ્યાસની શરૂઆતમાં કેટલાંક મુખ્ય મુદ્દાને ધ્યાનમાં રાખીને પ્રશ્નોને તૈયાર કરવામાં આવે છે.

૧) બાળક કેવા સમાજમાંથી આવે છે ?

૨) બાળકની આર્થિક પરિસ્થિતિ કેવી હશે ?

૩) બાળકનું શિક્ષણ કેટલું છે ?

૪) બાળકના ઘરનાં સભ્યો કેટલાં છે ?

૫) બાળકનાં બીજા ભાઈ – બહેનનો શૈક્ષણિક અભ્યાસ કેટલો હશે ?

૬) બાળકને કેટલું વેતન મળે છે?

૭) બાળક કેટલાં કલાક કામ કરે છે ?

## ૧.૧૧ સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધન વ્યક્તી અભ્યાસ પ્રકારનું છે

## ૧.૧૨ માહિતી એકત્રીકરણ ઉપકરણ

સાક્ષાત્કાર-બાળમજૂરો, વાલીઓ અને શિક્ષકો સાથે

## ૧.૧૩ માહિતીનું પૃથક્કરણ

ગુણાત્મક રીતે વિષયવસ્તુનુંપૃથક્કરણ કરવામાં આવશે

## ૧.૧૪ હવે પછીના પ્રકરણનું આયોજન

કોઈ પણ કાર્ય હંમેશા એક આયોજન સાથે જ થાય છે. આયોજન એ ભવિષ્યમાં શું કરવાના છો તેની આખી જ એક રૂપરેખાબાંધે છે. આયોજનયુક્તકાર્યસરળ હોય છે.અને કામપૂર્ણ કરવામાં સફળતા મળે છે જે આયોજન નીચે પ્રમાણે છે.

## પ્રકરણ – ૨ સંદર્ભ સાહિત્યની સમીક્ષા

અહીં બાળમજૂરીની સૈદ્ધાંતિક સમજ અને વિષયને અનુરૂપ હોય તેવા ભૂતકાળ સંશોધનો નો ઊંડાણપૂર્વક અભ્યાસ નો સમાવેશ થયો છે.

## પ્રકરણ-૩ સંશોધનની યોજના

અહી વિષય પસંદગી સંશોધન પદ્ધતિ, સંશોધનના નમૂના પસંદગી, માહિતીએકત્રીકરણની પદ્ધતિ અને માહિતી વિશ્લેષણ પદ્ધતિચર્ચા કરી છે.

## પ્રકરણ - ૪ માહિતીનું પુર્થક્કણ અને અર્થઘટન

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે માહિતીનું વિશ્લેષણ અર્થઘટન કરવા માટે મેળવેલી માહિતીને એકત્રીકરણ કરી માહિતીને સારણી દ્વારા સંક્ષિપ્તમાં રજૂ કરી તેનું અર્થઘટન કરવામાં આવ્યું છે.

## પ્રકરણ-૫ તારણો અને સૂચનો

પ્રસ્તુતસંશોધનનું છેલ્લું પ્રકરણ છે તેનાં તારણો, સૂચનો, સારાંશ અને માહિતીની રજૂઆત કરવામાં આવે છે. અંતે સંદર્ભસૂચી અને પરિશિષ્ટ રજૂ કરેલ છે.

## ૧.૧૫ ઉપસંહાર

આ પ્રકરણમાંપ્રસ્તાવના, સમસ્યાકથન, અભ્યાસના હેતુઓ, અભ્યાસના પ્રશ્નો, સંશોધનનો પ્રકાર, માહિતીનુંએકત્રીકરણ ઉપકરણ, માહિતીનું પૃથ્ક્કરણ વગેરે સમાવેશ કરવામાંઆવે છે.

# પ્રકરણ – ૨

# સંદર્ભ સાહિત્યની સમીક્ષા

# પ્રકરણ – ૨સંદર્ભ સાહિત્યની સમીક્ષા

| | |
|---|---|
| ૨.૦ | પ્રસ્તાવના |
| ૨.૧ | સંદર્ભ સાહિત્યનું મહત્વ |
| ૨.૨ | સંદર્ભ સાહિત્યની સમીક્ષા |
| ૨.૩ | ઉપસંહાર |

# પ્રકરણ – ૨

# સંદર્ભ સાહિત્યની સમીક્ષા

## ૨.૦ પ્રસ્તાવના

જિંદગીનાધ્યેય સુધી પહોંચવા માટે હંમેશાં દિશાદર્શનઆવશ્યકછે. શબ્દોનું પોતાનું એક મહાન અસિત્વ છે. પોતાની ગરિમા છે.જ્ઞાનના સાગર જેવા તે અનોખા દિશાદર્શન બની રહે છે. સંશોધનનાં રાહે આવા દિશાદર્શકની આવશ્યકતા રહે છે. અજાણી દિશાઓમાં વહેતા કાર્યને ગતી આપવા માટે સંદર્ભ સાહિત્ય અભ્યાસ કરવો જરૂરી છે. સંદર્ભ ગ્રંથો જ્ઞનના સાગરસમા છે જે અનોખી રાહ દર્શાવે છે. આ અભ્યાસ આગળના કાર્ય માટે ઊંડાણ ભરી સમજ અને દિશાસૂઝ આપે છે જેને લઈ આગળનાં કાર્ય માટે સમજ કેળવાય છે.

પ્રકરણ બેમાં 'બાળમજૂર એક સમાજશાસ્ત્રીય અધ્યન', બાળમજૂરની વ્યાખ્યા,બાળમજૂરની સૈદ્ધાંતિક ભૂમિકા, બાળમજૂરની સૈદ્ધાંતિક સમજ, સંદર્ભ સાહિત્ય વગેરેની ચર્ચા કરવામાં આવી છે. શિક્ષણને લગતું સંશોધન હાથ ધરવું હોય તો પૂર્વ થયેલાં સંશોધનનો અભ્યાસ તથા અભ્યાસનાં આધારે જે-તે ભૂલોનું પુનરાવર્તનથતું અટકે. પ્રસ્તુત સંશોધનમાંસંશોધનનેલગતી સાહિત્યની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત અહીં પ્રસ્તુત સંશોધન પૂર્વ થયેલાં સંશોધનથી અલગ પડે છે. તથા પ્રસ્તુત સંશોધનનીવિશેષતા જેવી બાબતોની ચર્ચા કરવામાં આવી છે.

## ૨.૧ સંદર્ભ સાહિત્યનુ મહત્વ

સંદર્ભ સાહિત્ય એ સંશોધક માટે દીવાદાંડીનું કાર્ય કરે છે.આજે માટાભાગનાં જ્ઞાનનું સંક્રમણ પુસ્તકો દ્વારા જથાય છે.જ્ઞાનની જ્યોત અંતરમાં પ્રગટાવવા ઈચ્છતા હોઈએ તો સંદર્ભસાહિત્યનો અભ્યાસ કરવોજપડે છે.સબંધિત સાહિત્યના અભ્યાસથી

-સમસ્યા પસંદગી માટેના વિવિધ ક્ષેત્રોના ખ્યાલ આવે છે.

-સમસ્યાપસંદ કરવામાં સૂઝ મળે છે. પસંદિત સમસ્યાને અગાઉ થયેલાં સંશોધનોથી અલગ પ્રકારનું બનાવી શકાય છે.

-સમસ્યા પસંદગીની યર્થાયતા સમજાય છે.

-પસંદિત સમસ્યાનાં હેતુઓ, ઉત્કલ્પાઓ રચવામાં માર્ગદર્શન મળી રહે છે.

-જરૂરી માહિતી એકઠી કરવા માટે, ઉપકરણોની પસંદગી કરવામાં કે ઉપકરણો રચવામાં દિશા સૂઝ મળેછે.

-માહિતી એકત્રીકરણની પ્રકિયાનો પરિચય મળે છે.

-અગાઉનાં સંશોધન કે અભ્યાસમાં રહી ગયેલી ખામીની માહિતી મળવાથી પોતાનાં અભ્યાસમાં તે નિવારી શકાય છે.

-અગાઉનાં સંશોધનોનાંતારણોસાથેપોતાને મળેલાં તારણો સરખાવી શકાય છે.

## ૨.૨ સંદર્ભસાહિત્યની સમીક્ષા

**અભ્યાસ ૧**

**સમસ્યા – માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં પાંચ બાળમજૂર વિદ્યાર્થીની જીવનકથાનો અભ્યાસ**

સંશોધક- ચાર્મી પટેલ

વર્ષ-૨૦૧૩

હેતુઓ

- માધ્યમિક શાળાના બાળમજૂરી કરતાં વિદ્યાર્થીઓના જીવનવૃતાંતમાંથી આર્થિક પરિસીથ્તીનો અભ્યાસ કરવો.

-માધ્યમિક શાળાના બાળમજૂરી કરતાં વિર્ધાથીઓના જીવન વુંત્તાન્તમથી તેમની સામાજિક તથા શૈક્ષણિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

-માધ્યમિક શાળાના બાળમજૂરી કરતાં વિધ્રથીના જીવન વૃત્તાતમાંથી તેમના શૈક્ષણિક વિકાસનો અભ્યાસ કરવો.

-માધ્યમિક શાળાના બાળમજૂરી કરતાં વિદ્યાર્થીના જીવન વૃત્તાંતમાંથી તેમનાબાળમજૂરી કરવાના કારણોનો અભ્યાસ કરવો.

નમુનો

વલસાડ જિલ્લાની શ્રી એમ.કે.મહેતા હાઇસ્કૂલ,તા.ઉમરગામ તથા શ્રમજીવી વિદ્યાસંકુલ,વલસાડ શાળાનાપ્રાથમિક કક્ષાના ધોરણ-૯ માંથી ૩ વિદ્યાર્થીઓ અને ધોરણ -૧૦ ના બે વિદ્યાર્થીઓને સહેતુક પસંદગી લેવામાં આવ્યા છે.

ઉપકરણ

અહી સંશોધનકર્તાએ જાતેજ તૈયાર કરેલ પ્રશ્નાવલીને ઉપકરણ તરીકે પસંદ કરેલ છે.

તારણો

- બાળમજુરીકરતાં બાળકો મોટા ભાગે પછાત જાતિના જોવા મળે છે.

- બાળમજુરી કરતાં બાળકો માંડીને ત્યાં ચપ્પલની દુકાને, કડીયાકામ, કંપનીમાં, શેરડીના રસ કાઢવાની લારીએ કામ કરતા જોવા મળે છે.

- બાળમજુરી કરતા બાળકો સરકારી અને ખાનગી શાળામાં જોવા મળે છે.

- બાળમજુરી કરતા બાળકોમાં છુટક કામ કરનારની સંખ્યા કરતા કાયમી કામ કરનારનીસંખ્યા વધુ જોવા મળે છે.

અભ્યાસ – ૨

સમસ્યા- પ્રાથમિક શાળામાં ભણતાં પાચ બાળમજૂરોની જીવનકથાનો શૈક્ષણિક સંદર્ભમાં અભ્યાસ

સંશોધક - રંજન એ સિંઘ

વર્ષ૨૦૧૧

હેતુઓ

-બાળમજૂર કરતાં બાળકોની શૈક્ષણિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો

-બાળમજૂરી કરતાં બાળકોના બાળમજૂરીના કારણોનો અભ્યાસ કરવો

-બાળમજૂરી કરતાં બાળકોના માતા-પિતાની સાથે મુલાકાત કરી માહિતી મેળવવી.

-બાળમજૂરી કરતાં બાળકોની આર્થક અને સામાજિક ક્ષૈક્ષણિક પરિસ્થિતિ

ઉપકરણ –પ્રશ્નનાવલી,મુલાકાત,અવલોકન અને નિરિક્ષણ

તારણો

-બાળમજૂરી કરતા બાળકોમાં હરિજન, રાજપૂત, વાળંદ અને કુંભાર જ્ઞાતિના જોવા મળે છે.

-બાળમજૂર કામ કરતા બાળકો છૂટકકામ કરનારની સંખ્યા કરતા કાયમી રીતે કામ કરનાર બાળમજૂરોની સંખ્યા વધુ જોવા મળે છે.

-રોજીંદા ૪૧ થી ૫૦ રૂપિયા સુધીની આવક મેળવનાર બાળકો વધુ છે.

-કામ કરતા બાળમજૂરો સાથે સારુ વર્તનછે તો કેટલાક ખરાબ વર્તન પણ કરે છે.

---

અભ્યાસ – 3

સમસ્યા- કચરો વીણનારમાંથી કોઈ એકની પસંદગી કરીને તેનો અભ્યાસ

સંશોધક- બેનઝીર એસ.મુનસી

વર્ષ- ૨૦૧૦

---

હેતુઓ

-કચરો વીણનારવ્યકિતનાંકુટુંબની સામાજિક આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ મેળવવો

---

-કચરો વીણનારની મુલાકાત લેવી

-કચરો વીણનાર બાળક બનાવનાર પરિબળોનો અભ્યાસ કરવો

-મુલાકાત લઈ અસરકારક સૂચનો મેળવી પૂર્વતૈયારી કરવી

નમૂનો

સંશોધકે આણંદ શહેરની ઝૂપડપટ્ટીવિસ્તારમાંથીકચરો વીણનાર બાળકોને નમૂના તરીકે

પસંદ કર્યા હતા.

ઉપકરણ

પશ્નાવલી,મુલાકાત,અવલોકન અને નિરીક્ષણ

તારણો

-મોટાભાગનાં કુટુંબના સભ્યો સરખા કામમાં સાથે હોય છે. પરંતુતેમના કુટુંબની માસિક આવક ચારહજારકરતાં પણ ઓછી હોય છે.

-કચરો વીણનાર જવાબદાર વ્યકિતઓ કામ કરતાં શિક્ષણને વધુ પ્રાધાન્ય આપવું જોઈએ.

-બધા જવાબદાર વ્યકિતઓ ભેગી કરેલી વસ્તુઓ ફક્ત ભંગારવાળાને જ વહેંચી શકે.

-સામાજિક ઝઘડામાં મારા- મારી બોલાચાલી અને ખરાબ શબ્દોનો પણ ઉપયોગ થાય છે.

અભ્યાસ-૪

સમસ્યા–બાળમજૂરી એક સામાજિક સમસ્યા અભ્યાસ

સંશોધક –પાયલ પી. પેટલ

વર્ષ- ૨૦૦૮

હેતુઓ

-અભ્યાસના ક્ષેત્રના વિસ્તારમાં બાળમજૂરોની ક્ષૈક્ષણિક પરિસ્થિતિની માહિતીનો અભ્યાસ કરવો

-બાળમજૂરોમાં વ્યસનનું પ્રમાણ જાણી તેનો અભ્યાસ કરવો.

-બાળમજૂરોનું શોષણ કઈ રીતે થાય છે તેની રૂબરૂ મુલાકાત લેવી.

-બાળમજૂર બાળકોની આર્થિક સ્થિતિ વિશે જાણકારી મેળવવી.

-ઉપકરણ –પ્રશ્નાવલી,મુલાકાત,પદ્ધતી

તારણો

-બાળમજૂરો કરતા બાળકોની વિકાસ યોગ્ય રીતે થાય છે.

-બાળમજૂરી નાબૂદ કરવા જનજાગ્રતિ કાર્યકમ અંતર્ગત બાળમજૂરોની રેલી વગેરે કાર્યકમ થાય છે.

-બાળમજૂરીકરતાં બાળકો માટેફરજીયાતશિક્ષણ પ્રથા અને કામના સમય સિવાય લઈ શકે તેવી શાળાની વ્યવસ્થાકરવી જોઈએ.

અભ્યાસ – ૫

બાળ સંરક્ષણ ગૃહમાં રહેતા બાળકોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ

સંશોધક – ભીમાણી કિરણ વી

વર્ષ-૨૦૦૭

હેતુઓ

-બાળસંરક્ષણ ગૃહમાં બાળકોનાં સામાન્ય વર્તનને સમજવવાનો હેતુ

બાળક ક્યાં પ્રકારની કૌટુંબિક સમસ્યાને કારણે બાળસંરક્ષણગૃહનાં પ્રવેશ પામેલ છે તે જાણવાનો હેતુ.

-બાળ સંરક્ષણ ગૃહમાં બાળકોનાંશૌક્ષણિક વલણો જાણવાનો હેતુ.

-બાળ સંરક્ષણગૃહમાં રહેવાથી બાળકોનાં વર્તનમાં આવેલ પરિવર્તનને જાણવાનો હેતુ.

-'બાળસંરક્ષણગૃહ' સંસ્થામાં પ્રવેશ બાદ બીજા બાળકો પ્રત્યેનું વલણ કેવું છે તે જાણવાનો હેતુ .

તારણો

-૯૦% એટલે સૌથી વધુ બાળકો ૯ થી ૧૬ વર્ષનાં છે. સંરક્ષણગૃહમાં આવેલ બાળકો સૌથી વધારે નિમ્ન જ્ઞાતિના છે. જે માટે કૌટુબીક પરિસ્થિતિ જવાબદાર ગણાય છે.

-સંરક્ષણગૃહમાં રખડતા-ભટકતા બાળકો વધુ પ્રમાણમાં આવે છે. આવા બાળકોનાં માતા-પિતાની હયાતી છે અને તેમનાં પિતા મજૂરી કરતાં જણાય છે. જેથી આર્થિક પરિસ્થિતિ નિમ્ન છે. આમ, ગરીબીનાં કારણે અને બગડેલ બાળકને તાલીમ લેવા માટે આવી સંસ્થામાં જાતે મોકલે છે.

-સંરક્ષણગૃહમાં બાળકોને સારી સુવિધા તેમજ સારું શિક્ષણ આપવામાં આવે છે જેથી સંરક્ષણગૃહમાં બાળકોની સર-સંભાળ સારી રાખવમાં આવેલ જણાય છે.

-આવા બાળકોને વ્યવહાર સારો જણાય છે. જેથી મિત્રવર્તુળ સારું છે તેમજ તેમનાં શોખ અને ઇરછાનું ધ્યાન રાખે છે તેમજ બાળકોને સંસ્થામાં રહેવાનું પસંદ છે.

-સંરક્ષણ ગૃહમાં બાળકો જાતે કાર્ય કરે છે તેમજ સંચાલકો સાથે સંબંધ સારો ધરાવે છે.

અભ્યાસ– ૬

નડિયાદશહેરના હિન્દુ અનાથઆશ્રમનાં અનાથ બાળકોનાંકૌટુંબિક, શૈક્ષણિક, વ્યક્તિગ માહિતીનું ધડતર અને આયોજન.

સંશોધક: રૂપાલી દલાભાઈ પટેલ

વર્ષ – ૨૦૦૬

હેતુઓ:

- નડિયાદ હિંદુ અનાથ આશ્રમનાં બાળકોની વ્યક્તિગ, કૌટુંબિક અને સંસ્થાના પ્રવેશ મેળવવા માટેના સંજોગોનો અભ્યાસ.

- અનાથ આશ્રમના અનાથ બાળકોની શિક્ષણ-વિષયક સ્થિત તપસ્વી.

-અનાથઆશ્રમનાં અનાથ બાળકોની વાતાવરણ અનુકુલનને લખતી જાણકારી મેળવવી.

-અનાથઆશ્રમનાં અનાથ બાળકોની જીવન પ્રત્યેની આંકક્ષાઓ, ઈરછાઓ અને તેની કાર્યસ્થિતિ જાણવી.

-તારણો

-અનાથ આશ્રમમાં સૌથી વધારે બાળકો નાની વયનાં છે. ૫0% સ્ત્રી અને ૫0% પુરુષો છે. ૯૭% ઉત્તરદાતાઓ અન્યસ્થળેથી અને ૩%નડિયાદમાંથી આશ્રમમાં આવેલ છે.

-ઉત્તરદાતાઓ અનાથ હોવાથી માતા-પિતાની ૧૫%હયાતી,૨૨%માતાની હયાતી જયારે ૬૩%માતા-પિતા બંનેની હયાતી નથી. આવા અનાથ બાળકોની કુટુંબની આર્થિક સ્થિતિ મધ્યમ છે.

- ૫૬%ઉત્તરદાતાઓ પોતાની સુઝથી,૧૯%મિત્રોના કહેવાથી, ૨૫%અન્યનીદોરવણી પરથી આવ્યા છે. મોટાભાગનાંપ્રાથમિક શિક્ષણ ધરાવે છે.

-૧00% ઉત્તરદાતાઓને અનાથ આશ્રમમાં પોષક વાતાવરણ મળી રહે છે. ૯૮%અસલામતીની લાગણી અનુભવે છે. ૨%અસલામતીની લાગણી અનુભવતી નથી.

-અનાથ બાળકોના મિત્રો સાથે સંબધ સારા હોય છે. પરંતુ અમૂક બાળકોને સંચાલકો સાથેનાં સંઘર્ષ થતો રહેછે.

અભ્યાસ – ૭

આદિવાસી ખેતમજુરોનો અભ્યાસ

સંશોધક - રાકેશ એમ.ચૌધરી

વર્ષ-૨00૬-0૭

હેતુઓ

-ખેતમજૂરોની સામાજિક-આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

-ખેતમજૂરોની સમસ્યાઓનું અને તેને નિવારણ કરવાની પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

-ખેતમજૂરોની શૈક્ષણિકસ્થિતિ જાણવી.

-ખેતમજુરોના હિત માટે ચાલતી વિવિધ સરકારી યોજનાઓ અંગેની જાણકારી અને તેની આવશ્કતાઓનો અભ્યાસ કરવો.

-ખેતમજૂર કુટુંબના વિવિધ વ્યવસયોમાં મળતા વેતન આવકનું પ્રમાણ જાણવું.

તારણો

-આદિવાસી ખેતમજૂરોનો મુખ્ય વ્યવસાય ખેતી છે.

-અભ્યાસ હેઠળ લીધેલ ઉત્તરદાતાઓમાં વિભક્ત કુટુંબનું પ્રમાણ વધારે જોવામળે છે. જયારે સંયુક્ત કુટુંબનું પ્રમાણ ઓછું જોવા મળે છે આથી કહી શકાય કે વિભક્ત કુટુંબો તરફનું વર્તન જોવા મળે છે.

-અભ્યાસ હેઠળ માધ્યમિક શિક્ષણ ઉત્તરદાતાઓનું પ્રમાણસૌથી વધારે જોવા મળે છે. જયારેઉચ્ચમાધ્યમિક શિક્ષણ લીધેલ ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

અભ્યાસ - ૮

ઓબ્ઝર્વેશન હોમમાં રહેતા બાળકોની પરિસ્થિતિનો અભ્યાસ

-અહીં આ અભ્યાસ અમદાવાદ ખાનપુરવિસ્તાર સ્થિતિ છે.

સંશોધક– દિલીપકુમાર જે

વર્ષ- ૨૦૦૫-૦૬

હેતુઓ

-ઓબ્ઝર્વેશન હોમમાં આવતા બાળકો કઈ પરિસ્થિતીમાં આવે છે તે માટેનાં જવાબદાર કારણો શોધવાં.

-ઓબ્ઝર્વેશન હોમમાં બાળકોને મળતી સુવિધાઓ વિશેની માહિતી અને તે વિશેનાં તેમનાં પ્રતિભાઓ જાણવા.

-ઓબ્ઝર્વેશન હોમમાં બાળકોનાં સંસ્થાગત જીવનથી તેમનામાં થયેલ પરિવર્તન તપાસવું.

-ઓબ્ઝર્વેશન હોમ પ્રત્યેની બાળકોની અપેક્ષાઓ શું છે તે જાણવી.

તારણો

-અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ સૌથી વધારે પ્રાપ્ત થયેલા ૫૫% ઉતરદાતાઓની ઉંમર ૧૮ વર્ષની છે. જેમાં ૩૪% ઉત્તરદાતાની ઉંમર ૬ થી ૧૧ વર્ષની છે.

-ઉત્તરદાતાઓમાં શિક્ષણનું પ્રમાણ નિમ્ન જોવા મળે છે.

-૫૮% ઉત્તરદાતા ગુજરાતનાં અને ૧૦% બહારનાં એટલે અન્ય રાજ્યનાં જોવા મળેલ છે. જેમાં રાજસ્થાન, બિહાર,મહારાષ્ટ્ર વગેરે.

-ઉત્તરદાતાના કુટુંબની સભ્ય સંખ્યા વધુ હોવાથી પૂરતી કાળજી લીધેલ નથી તેના ઉત્તરદાતા પર ખરાબ અસર જણાય આવે છે.

-સંસ્થાદ્વારા બાળકનાં શિક્ષણ,સારી સુવિધા,આરોગ્ય,સારા ચિંતનોનું સિંચલનીપૂરેપૂરી તકેદારી રાખવામાં આવે છે.

અભ્યાસ- ૯

સમસ્યા- બાળમજૂરવિધાર્થીઓનાઅભ્યાસ પ્રત્યેના વલણો

સંશોધક- ચેતનાબેન સી. વ્યાસ

વર્ષ- ૨૦૦૪

હેતુઓ

-બાળમજૂર વિધાર્થીઓ અને સામાન્ય વિધાર્થીઓના અભ્યાસ પ્રત્યેના વલણો તેમની જતીયના, વિસ્તાર, શ્રેણી, જ્ઞાતિ, કુટુંબની આર્થિકસ્થિતિ અને કુટુંબનાં કદને આધારે અભ્યાસ કરવો.

-બાળમજૂર વિદ્યાર્થીઓ અને સામાન્ય વિદ્યાર્થીઓના અનુકૂલન તેમની જાતીયતા,વિસ્તાર,શ્રેણી,જ્ઞાતિ,કુટુંબની આર્થિક સ્થિતિ અને કુટુંબના કદને આધારે અભ્યાસ કરવો.

-બાળમજૂર વિધાર્થીઓ અને સામાન્ય વિધાર્થીઓની સમસ્યા તેમની જાતીયતા, વિસ્તાર,શ્રેણી,જ્ઞાતિ,કુટુંબની આર્થિકસ્થિતિ અને કુટુંબના કદને આધારે અભ્યાસ કરવો.

તારણો

-માતા-પિતાની માસિક આવક રૂ/૨૦૦૦ થી ઓછી હોય તેવા બાળમજૂર.

-શહેરી વિસ્તારનાં બાળમજૂર વિધાર્થી કરતાં સામાન્ય વિધાર્થીના શારીરિક અનુકુલન ઉંચા હતા.

-કુટુંબમાં બે કે તેથી ઓછા ભાઈ-બહેન હોય તેવાં બાળમજૂર વિધાર્થીઓ કરતાં સામાન્ય વિધાર્થીઓના માનસિક અનુકુલન ઉંચા હતા.

અભ્યાસ - ૧૦

હિન્દુ દત્તવિધાનઅને ભરણ-પોષણ અધિનિયમ ૧૯૫૬ અન્વયે બાળક દત્તક મેળવેલ દંપત્તિ નો અભ્યાસ

અમદાવાદશહેરમાં અભ્યાસ કરવામાં આવ્યો છે.

સંશોધક – સંજય પી.પંડ્યા

વર્ષ- ૨૦૦૨-૨૦03

હેતુઓ

-ઉત્તરદાતાઓનીપ્રાથમિક માહિતી મેળવવી

-ઉત્તરદાતાની પારિવારિક,સામાજિક- આર્થીક માહિતીનો અભ્યાસ.

-ઉત્તરદાતા દંપતીઓને સંતાન પ્રાપ્તિ સંબંધી પ્રયત્નોની વિગત, સંતાન ન હોવાની વિગત.

-ઉત્તરદાતા દંપતીઓનાં બાળક પસંદગી  વિશેનાંવિચારો અને અગ્રતાક્રમ સંબંધીમહિતોનો અભ્યાસ.

-ઉત્તરદાતા દંપતીઓને બાળક દત્તક મેળવ્યા પછીનાં અનુભવો અને વર્તમાન સ્થિતિ સંબધિત માહિતીનો અભ્યાસ

તારણો

-ઉત્તરદાતાઓમાંમોટાભાગે દંપતીઓ મોટી ઉંમરના જોવા મળે છે.

-ઉત્તરદાતાઓ સમગ્ર હિન્દુ ધર્મનાં છે. કારણ કે હિન્દુ દત્તવિધાન પરનો અભ્યાસ હોવાથી હિન્દુ દંપતિઓનો જ અભ્યાસ કરેલ છે.

-૮૦%ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબના અને મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગનાં છે.

-ઉત્તરદાતાઓરૂઢીચુસ્ત વિચાર સરણીથી બહાર આવી પરિવર્તન કારી વિચારધરાનું વલણ ધરાવે છે.

- મોટાભાગના દંપતીઓએ બાળક માટે બાધાઓ માની હતી.સંતાન સુખ પ્રાપ્ત થતું ન હતું. જેના કારણે સમાજમાં અને કુટુંબમાંથીતિરસ્કૃત થયા હતા.

અભ્યાસ - ૧૧

મહીપતરામ રૂપરામ અનાથ આશ્રમમાંથી અઢાર વર્ષનીઉંમરછુટાથયેલાં અને અનાથ યુવક જાગ્રતિમંડળનાંસભ્યો અને કુટુંબીજનોની સમસ્યાનો એક અભ્યાસ

સંશોધક - નીલમ સી પંડ્યા

વર્ષ– ૨૦૦૨–03

હેતુઓ

-મહીપતરામ રૂપરામ આશ્રમમાંથી છૂટા થયેલ અભ્યોની પ્રાથમિક સંસ્થામાંનિવાસ દરમ્યાન પરિસ્થિતિનોઅભ્યાસ.

-તેઓની આર્થક,સામાજિક,આરોગ્યવિષયક પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો તેનો અભ્યાસ.

-ઉત્તરદાતાનાંપોતાનાં વિશેના મંતવ્યોનો અભ્યાસ.

-સરકાર ધ્વારા તેઓના ક્યા પ્રકારની મદદ મળવી જોઈએ તે અંગેના તેમના સૂચનો .

તારણો

-ઉત્તરદાતાઓનીસરેરાશ ઉંમર૪૦-૪૬ વર્ષની છે. મોટાભાગનાં ઉત્તરદાતાઓની પત્ની હયાત છે. દરેકમાધમિક,ઉચ્ચમાધમિક શિક્ષણ મેળવે છે. ૨૭.૩% ઉત્તરદાતાઓ સરકારી અને અન્ય ઉત્તરદાતાઓખાનગીનોકરીકરે છે.

-સંસ્થામાં નિવાસ દરમ્યાન બાળકોનાં ઉચ્ચચારિત્ર્ય ઘડતર માટે સામાજિક અને નૈતિક ગુણોનું સિંચન કરવામાં આવ્યું છે. પરંતુ જીવન-વિકાસ,ઘડતરમાં સંસ્થા દ્રારા ઓછા પ્રયત્ન થયેલ છે.

-૬૫% ઉત્તરદાતાઓનાં વ્યક્તીત્વના વિકાસ પર નકરાત્મક પ્રભાવ પડ્યો હોવાથી તેઓ માનસિક લઘુતાગ્રંથી, આવડતહોવા છતાંયે સમાજમાં પોતાની ઓળખાણ વિકસાવી ન શક્યા તેવી સમસ્યાઓ સર્જાઈ છે.

-મોટાભાગનાં ઉત્તરદાતાઓને આર્થિક સંકળામણનાં કારણે ઓછા વેતનમાં કામ કરવું પડે છે.

-ઉત્તરદાતાઓનાં મંતવ્યો,સૂચનો છે કે,સમાજનાં જાગૃત લોકોનાં પ્રયત્નો દ્રારા અનાથ બાળકોની પુન:વસવાટની વ્યવસ્થા યોગ્ય રીતે થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

અભ્યાસ- ૧૨

જંગલખાતામાં કામ કરતાં આદિવાસી મજૂરોનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

સંશોધક-મહેન્દ્ર ડી. કટારા

વર્ષ-૨૦૦૧

હેતુઓ

-જંગલખાતાઓમાં કામ કરતા આદિવાસી મજુરીની શોષણની સ્થિતિ વિષયક તપાસ કરવી.

-જંગલખાતાઓમાં કામ કરતા આદિવાસી મજૂરોની કુટુંબની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ વિષયક જાણકારી મેળવવી.

-તેઓના સંગઠન અને સંગઠનને લગતા પ્રશ્નોની તપાસ કરવી.

તારણો

-જંગલખાતામાં કામ કરતાં આદિવાસી મજૂરોની કામના પ્રમાણમાં વેતન ઓછું મળે છે અને લઘુતમ વેતન પ્રમાણે પગાર પૂરો મળતો નથી.

-જંગલખાતામાં કામ કરતા મજૂરો નિરક્ષર છે તે અજ્ઞાનતાનો લાભ લઈ જંગલખાતાના અધિકારીઓ શોષણ કરે છે.

-જંગલખાતાના મજુરોને ગમે ત્યારે આડેધડ છુટા કરવા અને ગમે ત્યારે ફરીથી કામ પર લેવામાં આવે છે.

-મજુરોને કાયમી ન કરવા પડે તે હેતુથીનર્સરીના કામો કોન્ટ્રાકટ પદ્ધતિથી આપવામાં આવે છે.

-જંગલખાતામાં કામ કરતા મજુરોને હાજરી કાર્ડ કે મજુરોના નામનો માસ્ટર રાખવામાં આવત

અભ્યાસ - ૧૩

દલિત ખેતમજૂર મહિલાઓનો અભ્યાસ (બાલાગામને કેન્દ્રમાં રાખીને)

સંશોધક - મધુકાંત એન.વાઢેર

વર્ષ૨૦૦૦-૦૧

હેતુઓ

-ખેતીક્ષેત્રે કામ કરતી વસ્તીમાં ખેતમજૂરમહિલાઓનું પ્રમાણ જાણવું

- મહિલા ખેતમજૂરમાં શિક્ષણનું પ્રમાણ જાણવું

- ખેતમજૂરોની વાર્ષિક આવક અને તેમના વપરાશી માળખા અંગેની માહિતી મેળવવી.

-ખેતમજૂરોમાં ખેતીક્ષેત્રે સ્ત્રી અને પુરુષોના વેતનમાં રહેલા તફાવતનાં પ્રમાણની માહિતી મેળવવી.

- ખેતમજૂરોનાં કુટુંબની વાર્ષિક આવકમાં મહિલા આવકનું પ્રમાણ જાણવું.

તારણો

- બલાગામની દલિત ખેતમજૂર મહિલાઓના કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું છે.

- દલિત ખેતમજૂર મહિલાઓની વાર્ષિક આવક ખુબ જ ઓછી જોવા મળે છે.કારણ કે તેમને બારેમાસ ખેતમજૂરી મળતી નથી અને મજૂરીનું વેતનદર ખૂબ ઓછું હોય છે.

- ખેતમજૂર કુટુંબોમાં પરિણિત કરતા અપરિણિત વ્યક્તિઓ એટલે કે બાળકોનું પ્રમાણ વધારે જોવા મળે છે.

- ખેતમજૂર કુટુંબોમાં પુરુષોની લગ્નવય ઊંચી જોવા મળે છે જયારે સ્ત્રીની લગ્નવય નીચી જોવા મળે છે.

- ખેતમજૂર મહિલાઓના કુટુંબમાં મોટાભાગની વ્યક્તઓ ખેતી અને ખેતમજૂરી સાથે સંકળાયેલી જોવા મળે છે.

અભ્યાસ- ૧૪

આદિવાસી ખેતમજૂરનો અભ્યાસ

સંશોધક –ઈલા બી.

માર્ગદર્શક – ડૉ. ગૌરી શંકર પંડ્યા

વર્ષ – ૧૯૯૯

હેતુઓ

- ખેતમજૂરો અને ખેતીની જમીનનો અભ્યાસ કરવો.

- ખેતમજૂરીનાકૌટુંબિક માળખાનો અભ્યાસ કરવો.

-ખેતમજુરોના કુટુંબોના વિવિધ વ્યવસાયમાંથી રોજગારી અને વેતનનું પ્રમાણ જાણવું.

- ખેતમજુરોનાધાર્મિક,સામાજિક જીવન અને દેવું વિશે જાણવું.

-ખેતમજુરોનાકુટુંબમાં શૈક્ષણિક સ્થિતી જાણવી.

તારણો

-આદિવાસી ખેતમજૂરોનો મુખ્ય વ્યવસાય તરીકે ખેતમજુરી છે. તેમ છતાં ખેતમજૂરી સાથેના અન્ય પુરક વ્યવસાય કરતાં જોવા મળે છે.

- આ ગામમાં આર્થિક સ્તિથિનું પ્રમાણ ૩૦.૫%છે. જયારે શિક્ષિતોમાં પ્રાથમિક સુધીનું શિક્ષણ મેળવેલું ૨૪.૨૨%છે જયારે માધ્યમિક સુધીનું શિક્ષણ લેનારની સંખ્યા વધુ જોવા મળે છે.

- આદિવાસી ખેતમજૂરોમાં રહેઠાણ વિષય પરીસ્થિતિ જોતા ૭૮% ખેતમજુરોનાકાચા મકાન જોવા મળે છે જયારે ૨૦% ખેતમજુરો પાકા મકાનમાં રહે છે.

- ખેતમજૂરોનું જમીન માલિકીય વિષયક પરિસ્થિતિની તપાસ કરતાં જમીન વિહોણા કુટુંબોનું પ્રમાણ ૨૮ % છે.

- આદિવાસી ખેતમજૂરોને દૈનિક મજૂરી ૨૦થી૩૦ રૂપિયા આપવામાં આવે છે આ પરથી જાણી શકાય છે કે આ ખેતમજૂરોને મજૂરીના વેતનમાં ખૂબ શોષણ થાય છે.

અભ્યાસ -૧૫

આદિવાસીખેતમજૂર બહેનો નો અભ્યાસ (કાળીયા ગામને કેન્દ્રમાં રાખીને)

સંશોધક- રમાબેન ડી. મચ્છર

વર્ષ – ૧૯૯૮

હેતુઓ

-આ સામાજિક ગામમાં આદિવાસીઓની સામાજિક આર્થિક જીવનની સ્થિતિ જાણવી

-આદિવાસી જમીનવિહોણા છે. જેઓ મજૂરી ઉપર તેમનો જીવન નિર્વાહ ચલાવેછેએટલે મજૂરી કરતા આદિવાસીઓનું જીવનસ્તરક્યા પ્રકારનું છે તે તપાસવું

-આ આદિવાસી જાતિઓના સર્વાંગીક જીવનનો પરિચય મેળવવો

તારણો

-અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓનું કાચા મકાનમાં રહે છે. મકાનમાં લાઈટની સગવડ અન્ય ગામડાઓની સરખામણીમાં ઓછી જોવા મળે છે. જેનું કારણ છે. કે શહેરીકરણથીદૂર ગામ આવેલું છે. તથા આર્થિક રીતે પછાત છે.

-મખ્ય વ્યવસાય ખેતી અને ખેતમમજૂરી છે. ભૈતિક સગવડ મધ્યમ પ્રમાણ ગામમાં જોવા મળે છે.

-આદિવાસીઓના પરંપરાગત રીતે માટીના તથા તાંબા-પિત્તળના વાસણોનો ઉપયોગ તથોહોયછે.

-સ્ત્રીઓ પોતાની આર્થિક પરિસ્થિતિ ઉપર લાવવા માટે સતત પરિશ્રમવાળું જીવન જીવે છે. તેમનું મુખ્ય કાર્ય ગૃહિણીનું હોવા છતાં સાથે ખેતમજુરીના વ્યવસાયમાં જોડાયેલી જોવા મળે છે.

-ખેતી અને ખેતમજૂરી દ્વારા આર્થક જીવનમાં પરિવર્તન જોવા મળ્યું છે. ખેતમજૂરીના વ્યવસાય સાથે છૂટક મજૂરીબાકીના સમયમાં કામ મળી રહે છે.

અભ્યાસ - ૧૬

ખેતમજૂરોનો આર્થિક – સામાજિક અભ્યાસ.

(વિજાપુર તાલુકાના મોરવાડ ગામને કેન્દ્રમાં રાખીને)

સંશોધક– વાઘેલા મુકેશ આર.

વર્ષ – ૧૯૯૭

હેતુઓ

- ખેતમજૂર વર્ગની કૌટુંબિક પરિસ્થિતિનો ખ્યાલ મેળવવો.

- ખેતમજૂરોની આર્થિક – સ્થિતિકેવી છે તે જાણવી.

- ખેતમજૂરોનીરોજગારી વિશે જાણવું.

- ખેતમજૂરોના આરોગ્યનો ખ્યાલ મેળવવો.

- ખેતમજૂરોના શિક્ષણનું પ્રમાણ તે અંગેના વલણો વિકાસ અંગેના તેમનાઅભિપ્રાય જાણવા.

તારણો

મોટાભાગના ઉત્તરદાતાઓ જ્ઞાતિ બહારના લગ્નમાં માને છે અને લગ્નની વિધિ બ્રાહ્મણપાસે કરાવે છે.

- મોટાભાગના ઉત્તરદાતાઓમાં તમાકુ , ચા – કૉફીનું વ્યસન જોવા મળે છે.

- ૪૮%ઉત્તરદાતાઓમાં કુટુંબમાંસૌથી વધુ ૫૦૦ થી ૧૦૦૦ રૂપિયા વ્યસન પાછળ વાર્ષિક ખર્ચ થાય છે.

- મોટાભાગના ઉત્તરદાતાઓ બાળકને વ્યસનના બનાવે છે.

- મોટાભાગનાઉત્તરદાતાઓ ૧૧ થી ૩૫ વર્ષથી ખેતમજૂરી કરે છે.

## ૨.૩ ઉપસંહાર

અહીં બાળમજૂરીની સૈદ્ધાંતિક સમજ અને વિષયને અનુરૂપ હોય તેવા ભૂતકાળ સંશોધનો નો ઊંડાણપૂર્વક અભ્યાસ નો સમાવેશ થયો છે.

# પ્રકરણ –3

# સંશોધન યોજના

# પ્રકરણ –3 સંશોધન યોજના


| | | |
|---|---|---|
| 3.0 | પ્રસ્તાવના | |
| 3.૧ | સમસ્યાકથન | |
| 3.૨ | અભ્યાસના હેતુઓ | |
| 3.3 | સંશોધન યોજના | |
| 3.૪ | માહિતી એકત્રીકરણ ઉપકરણ | |
| 3.૫ | માહિતીનું પૃથક્કરણ | |
| 3.૬ | ઉપસંહાર | |

# પ્રકરણ-3

# સંશોધન યોજના

## 3.0 પ્રસ્તાવના

આજનીશિક્ષણ પ્રણાલી વિદ્યાર્થીકેન્દ્રી છે. બાળક શાળામાંજવાને બદલેમજૂમાટેરી કરતો જોવા મળે છે. કોઈ પણ કાર્ય હેતુપૂર્વક રીતે પૂર્ણ કરવું હોય તો તે માટે અગાઉથી કરેલું આયોજન કાર્યને આગળ દોડાવે છે.કાર્યને સરળતાથી પાર પાડવામાટે આયોજન મહત્વનો ભાગ ભજવે છે.

પ્રસ્તુત સંશોધનના અભ્યાસમાં આણદ જિલ્લાનાબાળમજૂરી કરતાં બાળકનો જીવનવૃત્તાંતના સંદર્ભમાં અભ્યાસ હાથ ધરેલ છે.બાળકો મજૂરી સાથે- સાથે ભણતર માટે શાળામાં પણ જાય છે તેથી આ મજૂરી કરવાનાં કારણો શું છે? તથા ભારતમાં બાળમજૂરી વિરુદ્ધનાં રાષ્ટીય કાયદાઓ અને નીતિઓ અને બાળમજૂરી- સૈધ્ધિતક સમજ,બાળમજૂરી એક અભિશાપ, બાળમજૂરી અને ઉપેક્ષિત બાળકો, બાળકોના અધિકારો, તથા મજુરી કરતાં બાળકોની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક મુશ્કેલીઓને શોધવી અને તેને ઉકેલવી એ વિષયને અહીં પસંદ કરવામાં આવેલ છે. આબાળમજૂરી એ એક એવી સમસ્યા છે જેનું વિશ્વમાં સૌથી વધુ ઉત્પાન ભારતમાં થાય છે.

## ૩.૧ સમસ્યા કથન

બાળ મજૂરી કરતાં બાળકોનો વ્યક્તિ અભ્યાસ

## ૩.૨ સંશોધનના હેતુઓ

(૧)બાળકોનાં બાળમજૂરી કરવાનાં કારણોનો અભ્યાસ કરવો.

(૨) બાળકોનાં ઘરની આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

(૩) બાળકોની કૌટુંબિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

(૪) બાળકોનીશૌક્ષણિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

(૫)બાળકો જે કામ કરે છે તેના કલાકો અને વેતનના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૩.૩ સંશોધન યોજના

પ્રસ્તુત સંશોધનવ્યક્તિઅભ્યાસ પ્રકારનું છે.

## ૩.૪ માહિતી એકત્રિકરણઉપકરણ

સાક્ષાત્કાર-બાળમજૂરો, વાલીઓ અને શિક્ષકો સાથે

## ૩.૫ માહિતીનું પૃથક્કરણ

ગુણાત્મક રીતે વિષયવસ્તુનું પૃથક્કરણ કરવામાં આવ્યું.

## ૩.૬ ઉપસંહાર

અહી વિષય પસંદગી સંશોધન પદ્ધતિ, સંશોધનના નમૂના પસંદગી, માહિતીએકત્રીકરણની પદ્ધતિ અને માહિતી વિશ્લેષણ પદ્ધતિ ચર્ચા કરી છે.

# પ્રકરણ-૪

# માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

# પ્રકરણ-૪માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન


| | | |
|---|---|---|
| ૪.0 | પ્રસ્તાવના | |
| ૪.૧ | માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન | |

# પ્રકરણ-૪

# માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

## ૪.૦ પ્રસ્તાવના

દરેક સંશોધન માટે પોતે પસંદ કરેલી સમસ્યા અનેમેળવેલી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવું એ સંશોધન માટે ખૂબ જ જરૂરી છે. માહિતીના પૃથક્કરણ અને અર્થઘટન ના આધારે સંશોધન પોતાની સમસ્યાના સંદર્ભમાં તારણો અને સૂચનો કરી શકે છે.

માહિતીનું પૃથક્કરણ અને માહિતીનું અર્થઘટન એ સંશોધન માટેનું અગત્યનું સોપાન છે. જે સમસ્યા પસંદ કરેલી હોય તે સમસ્યાનાઉકેલ સુધી પહોંચવા માટે માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન મહત્વનો ભાગ ભજવે છે. માત્ર માહિતી પ્રાપ્ત કરી હોય તેટલાથી જ સમસ્યાનો ઉકેલ મળી શકે નહી. પરંતુ વ્યક્તીને રૂબરૂ મૂલાકાત લઈને તેમજ વાલી, શિક્ષકો સાથે મૂલાકાત લઈને તેમનાં જવાબ અનુરૂપ વિશ્લેષણ તથા અર્થઘટનકરવામાં આવ્યું છે. તે સંશોધકનેજેમાહિતી મળી હોયછે. તેમાહિતીની સરખામણી માટે મદદ કરે છે. સંશોધક માહિતીનું પૃથક્કરણ જેટલું ધ્યાનપૂર્વક તેમજ યોગ્ય પદ્ધતિથી કરેલ હોય તેટલું જ સંશોધકને સંશોધનમાં અર્થઘટન માટે ઉપયોગી બને છે.જેથી સમસ્યાના જે શક્ય ઉકેલો અને તારણો માટે સંશોધકનેઉપયોગી બને છે.સંશોધનનોવિષય છે બાળમજૂરી કરતાં બાળકોનો વ્યકિત અભ્યાસઅહીં માહિતીનું એકત્રીકરણ નીચે મુજબ કરવામાં આવ્યું છે.

## ૪.૧ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

### ❖ ઘનશ્યામભાઈ પૂંજાભાઈઠાકોર

તેમની ઉંમર પંદર વર્ષની છે .આ બાળક ગામડાનો હોવાથી તેની આર્થિક પરીસ્થિતિસારી ન હોવાથી તે બાળક ભણવાની સાથે –સાથે તે ઘરમાં માતા –પિતા ને આર્થિક ઉપાજન મદદરૂપ થાય તે માટે બાળક જાહેર રજાઓ તથા ઉનાળુ ,દિવાળીના રજાઓ દરમિયાન આ બાળક આર્થિક રીતે સક્ષમ હોવાને કારણે તે મજૂરી કરવા માટે પ્રેરાય છે .આ બાળક ધોરણ ૭ માં અભ્યાસ કરે છે .તેઓ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે .તેનાં ઘરનાં સભ્યો દસ છે. ઘરનાંવધુ ચકિતઓહોવાથી તેમના ભરણ–પોષણ માટે પણ આ બાળકને ખેતીકામમાંજોડાવું પડે છે.તેમને પાંચ બહેનો અને એક ભાઈ છે. તેમાં ત્રણ બહેનો પરણિત છે.બે બેનો કુંવારી છે. એક ભાઈ છે. તેઓ અભ્યાસ કરે છે. બાળકનાં ઘરમાં કોઈ શારીરિક કે માનસિક ખામી ધરાવતું નથી.

બાળકનાં પિતા હયાત નથી.પિતા ન હોવાને કારણે અને માતાની લાગણીને કારણે બાળકને મજૂરી કરવી પડે છે.

આમ, શહેરમાં મળતું વેતન કરતાં ગામડામાં મળતું વેતન નહિવત હોય છે. તે શહેરનાવેતન સામે ઓછું હોય છે. આ બાળકને દિવસનાં (૧૦૦)સો રૂપિયા રોજ આપવામાં આવે છે. દરરોજ કામ મળે એમ પણ હોતું નથી આ કામ કયારેક- ક્યારેક મળતું જોવા મળે છે. બાળક પોતાનાં વેતનનો ઉપયોગ ઘરમાં અને પોતાના ભણવામાં ઉપયોગ કરે છે.

આ બાળકની આર્થક પરીસ્થિતિ સારી નથી તેથી તેનું ઘર પણ સરકારની કોઈ યોજના અંતગર્ત બનાવવામાં આવ્યું છે. તેમાં થોડા સરકારના અને થોડા પોતાનાં રૂપિયા ઉમેરીને બનાવ્યું છે. બેરૂમનું ઘર છે. ઘરમાં ઇલેક્ટ્રિક સાધનો જોઇએતો ટી.વી.છે.બાળક ભણવામાં મધ્યમ છે તેના પાછળનું કારણ બાળક ભણ્યા પછી તેનો વાંચવાનો સમય ન મળતો અથવા ઓછો મળવાને કારણે તે ભણવામાં મધ્યમ છે. બાળક પોતાની મરજીથી કામ કરે છે.બાળક પણ સમજે છે મારી માતા એકલા કેટલું કામ કરીને અમારું ભરણ-પોષણ કરી શકે.બાળકને કોઈ શારીરિક કે માનસિક ખામીનથી.શાળામાં પણ બાળક સાથે શિક્ષક નમ્રતાભર્યુંવર્તન કરે છે.બાળક શાળામાં પ્રવૃતિઓમાં ભાગ લે છે.

બાળકનાં મિત્રો વિશે જોઇએતો બાળકને ચાર મિત્રો છે તે બાળકની સાથે શાળામાં આવે છે. શાળામાં બાળકની કોઈ હાંસી ઉડાવતું નથી.શાળામાં બાળક સાથેનું વર્તન સારું છે.બાળક આજુબાજુ કે શાળામાં કોઈની સાથે ઝઘડો કરતો નથી અને તેનો સ્વભાવ નમ્રતાભર્યું છે. બાળક દરેકની સાથે વ્યવસ્થિત વાત કરે છે. બાળક અભ્યાસ છોડવા માંગતો નથી પણ અભ્યાસની સાથે સાથે કામ કરીને આગળ ભણવા માંગે છે.

બાળકના માતા- પિતા વિશે જોઈએ તો બાળકનાં પિતા હયાત નથી. અને તેમની માતાનું નામ અંબાબેન શંકરભાઈપરમાર તેમની ઉંમર (૫૩) તેપન વર્ષની છે. તેમને ધોરણ (૪)ચાર સુધી અભ્યાસ કરેલ છે. અને તે પણ ખેતરમાં મજૂરી કરવાં માટે જાય છે. તેમને વેતન એક દિવસના (૧૦૦)સો રૂપિયા રોજ મળે છે. પણ જરૂરી એવું હોતું નથી કે કામ રોજ મળે છે.વેરા પ્રમાણે પણ કામ મળેછે.વેરા પ્રમાણે એટલે કે સવારે મળે તો સાંજે ન મળે અને સાંજે કામ ન મળે તો સવારે ન મળે અમુક દિવસે ન પણ મળે

ત્યારે તેમને એક દિવસના ૫૦ રૂપિયા રોજ મળે છે. તો આપણે જોઈએ છીએ કે આખા દિવસના ૫૦ રૂપિયા રોજ મળતા હોય ત્યાંરે કેવી રીતે ઘરનું ભરણ- પોષણ થાય તેને કારણે પણ પોતાની માતાની લાગણીને કારણે પણ બાળકને મજૂરી કરવા મજબુર કરે છે.

❖ મનીષાબેન ઈશ્વરભાઈ સોંલકી

તેમની ઉંમર સોળ વર્ષની છે.તેઓએ ધોરણ આઠ સુધી અભ્યાસ કરેલ છે.તેમની જાતિ હિન્દુ રોહિત છે. ઘરનાં સભ્યો વિશે જોઈએ તો ત્રણ બહેનો અને માતા-પિતા એમ કરીને પાંચ જણ છે. તેમાં બે બહેનો પરણિત છે.અત્યારે હાલમાં ત્રણ જણ રહે છે. તેમને ભાઈ નથી તેમનું ઘર પાંકુ છે. આવાસ યોજનામાં બનાવેલું છે. સરકાર તરફથી

બાળક પોતાનાં વેતનો ઉપયોગ ઘર વપરાશમાં કરે છે. કારણ કે તેમનાં પિતા દારૂ પીવે છે. એટલે ઘર વપરાશમાં બહુ પૈસા આપતાં નથી. તેથી આ બાળકી પોતાનાં વેતનો ઉપયોગ ઘર વપરાશમાં કરે છે.

બાળકી ખેતરમાં મજૂરી કરવાં જાય છે. બાળકી પોતાની ખૂશી થી કામ કરે છે. તેઓ આઠ કલાક કામ કરે છે. ખેતરમાં સીઝન પ્રમાણે કામ કરે છે. એટલે કે ખેતરમાં તમાકુની સીઝન હોય તો તમાકું રોપવા જાય છે. ત્યાર બાદ નીંદણ કરવાં જાય છે. પીલા કાઢવા પણ જાય છે. અને તમાકુ કાપવાં પણ જાય છે. એમ ઘઉ ,બાજરી વગેરે સીઝનમાં બાળકી ખેતરમાં મજૂરી કરવાં જાય છે. બાળકી ને એક દિવસનાં સો રૂપિયા વેતન મળે છે. તેની મિત્ર પણ તેની સાથે કામ કરે છે. ઘરમાં કોઈ ઈલેકટીક સાધન નથી. ઘરની પરીસ્થતિ સામાન્ય હોવાને કારણે ઘરમાં ઈલેકટિક સાધન વસાવી શક્યા નથી. બાળકનાં માતા- પિતા વિશે જોઈએ તો બાળકીની માતાનો

અભ્યાસ પાંચ ધોરણ સુધી કરેલ છે. તેમની ઉંમર ૫૪ વર્ષની છે. તેઓ દવાખાનામાં કચરા- પોતું કરવાં જાય છે. તેમને એક મહિનામાં ૩૫00/- પગાર મળે છે.

બાળકીનાં પિતાની ઉંમર ૬0 વર્ષનાં છે. તેઓ છૂટક મજૂરી કરે છે. છૂટક મજૂરીમાં વેતનનું કોઈ નક્કી હોતું નથી ૫0,૬0,૭0,૧00 રૂપિયા એમ વેતન આપવામાં આવે છે. છૂટક મજૂરી એટલે તેમાં અનાજની ગૂણો ઉંચકવી ગટર લાઈન નું કામ હોય તો ખાળો ખોદવો, એમ કોઈ નું આવું નાનું- મોટું કામ કરે છે. અને તેમને ૫0-૬0- રૂપિયા મળે તેમાં દારૂ પીવે અને બીડી પીવે તેવી રીતે પૈસા બગાડે. ઘરમાં ન આપે ત્યારે નાની બાળકીને મજૂરી કરવાં મજબૂર કરે છે.

બાળકીને મજૂરી કરવાનાં કારણ વિશે જોઈએ તો ઘરની આર્થિક પરિસ્થિતિ સારી નથી કારણ કે પિતા દારૂ પીવે છે. તેને કારણેઘરમાં પણ ઝગડા થાય છે. બાળકી જોવે છે કે માતા ઘરમાં એકલી કેટલું કમાઈ તેનાં કારણે પણ બાળકી મજૂરી કરે છે. બાળકી બે વર્ષથી કામ કરે છે. બાળકીનો કામ કરવાનો સમય સવારે ૮:૩0 થી ૧૨ :૩0 અને બપોરે ૨:૩0 થી ૬:00 વાગે એમ વેળા પ્રમાણે વેતન આપવામાં આવે છે. તેમને ઘણો તાપ લાગવા છતાં પણ તે મજૂરી કરે છે. બાળકને કોઈ શારીરિક ખામી નથી. તેમનાં કુટુમમાં પણ કોઈ ને શારીરિક ખામી નથી.

### ❖ વિશાલકુમાર અંબાલાલ પરમાર

તેમની ઉંમર (૧૭) સતર વર્ષની છે. તેમને ધોરણ (૯) નવ સુધી અભ્યાસ કરે છે. તેઓ હિન્દુ ઠાકોર જાતિના છે. તેમનાં ઘરના સભ્યો પાચ

છે. તેમને બહેન નથી. ત્રણ ભાઈઓ અને માતા- પિતા એમ કરીને પાચ સભ્યો છે. તેમનાં ઘર વિશે જોઈએ તો ઘર પાકું છે. ઘરમાં ટીવી છે.

બાળકનાં વ્યવસાય વિશે જોઈતો તો કોલેજમાં, સ્કૂલ, કેન્ટીનમાં, ચા નાસ્તો આપવાનું કામ કરે છે. તેઓ (૧૦) દસ કલાક કામ કરે છે. તેમને કુલ વેતન ૩૫૦૦/- એક મહિનામાં આપવામાં આવે છે. તેઓ પોતાનાં વેતનનો ઉપયોગ ઘર વપરાશમાં કરે છે. બાળક કોઈ શારીરિક કે માનસિક ખામી ધરાવતું નથી. તેમની કોઈ હાસી ઉડાવતું નથી અને તેઓ પણ પોતે શરમ અનુભવતા નથી. તેમને કોઈ પણ પ્રકારનું વ્યસન નથી. તેઓ પોતાની ખુશીથી કામ કરે છે. માતા-પિતાના દબાણથી કામ કરતાં કથી. તેમનાં મિત્ર વિશે જોઈએ તો એક મિત્ર મેડિકલમાં જાય છે. અને બીજા બે મિત્રો તેની સાથે કામ કરે છે. તેના મિત્રો પણ પોતાનાં સમાજનાં છે. ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે પણ બાળકને મજૂરી કરવા મજબૂર કરે છે.

બાળકનાં માતા- પિતા વિશે જોઈએ તો તેમની માતાની ઉંમર (૫૪) વર્ષનાં છે. તેમને અભ્યાસ કરેલ નથી. તેઓ ખેતરમાં કામ કરવા માટે જાય છે. તેમને આખો દિવસના (૧૦૦) રૂપિયા મજૂરી મળે છે. અઠવાડિયામાં બે દિવસ મજૂરી મળે અને બે દિવસ ન પણ મળે. કોઈ દિવસ અડધો દિવસ કામ મળે છે ત્યારે (૫૦) રૂપિયા મળે છે ત્યારે આપણે જોઈએ છીએ કે એક દિવસનાં જો પચાસ રૂપિયા મળતા હોય તો કેવી રીતે ઘર ચાલે તેનાં કારણે પણ બાળકને નાની ઉંમરે કેન્ટીનમાં ચા- નાસ્તો આપવા જેવી મજૂરી કરવી પડે છે. પોતાની ઉંમરના બાળકો ભણતાં હોય છે. ત્યારે આ બાળકને ચા- નાસ્તો આપે છે ત્યારે તેને ઘણું દુ:ખ થાય છે પણ ઘરની પરિસ્થિતિ સારી ન હોવાને કારણે પણ બાળકને મજૂરી કરવી પડે છે.

તેમનાં પિતા વિશે જોઈએ તો ધોરણ-(૭) સુધી અભ્યાસ કરેલ છે. તેમની ઉંમર (૪૭) વર્ષનાં છે. અને તેમનો વ્યવસાય જોઈએ તો તેઓ ફોટા પાડે છે. સ્ટુડિયો નથી પણ ઘરે ફોટા પાડે છે. તેમનાં વેતનનું કોઈ નક્કી હોતું નથી કામ ઉપર આધારિત વેતન મળે છે.

આમ, આપણે બાળકની મજૂરી કરવાના કારણો વશે જોઈએ તો ઘરમાં કોઈ ક્માવનાર નથી ત્યારે પણ બાળકની આવી નાની- મોટી મજૂરી કરવા મજબૂર કરે છે.

❖ મહેશભાઈ ખાનાભાઈ પરમાર

તેમની ઉમર (૧૪) ચૌદ વર્ષના છે.તેઓ હાલમાં આઠમાં ધોરણમાં અભ્યાસ કરે છે. અને તેમનો વ્યવસાય ખાનગી દવાખાનામાં કચરા- પોતું કરવા માટે જાય છે. તેઓ પોતાનાં ગામના જ દવાખાનામાં કચરા- પોતું કરવા માટે જાય છે. તોઓ સાંજે ૫ થી ૬ એક કલાક માટે કામ કરવા જાય છે. એક કલાકનાં ૨૦ રૂપિયા મળે છે. તેઓ પોતાનાં વેતનનો ઉપયોગ ઘરવપરાશમાં અને પોતાનાં ખર્ચ માટે વાપરે છે. અને તેમનું ઘર પાકું છે. એટલે કે સામાન્ય ઘર છે. તેમનાં ઘરનાં સભ્યો વિશે જોઈએ તો ઘરમાં કુલ ૪ સભ્યો છે. બહેન નથી બે ભાઈ છે. બીજો ભાઈ ભણે છે. ઘરમાં કોઈ ઇલેક્ટ્રિક સાધન નથી. બાળક માતા- પિતાના દબાણથી કામ કરતો નથી. બાળકનાં ઘરમાં કોઈને શારીરિક કે માનસિક ખામી નથી. બાળક પોતાની ખુશીથી કામ કરે છે. બાળક શાળામાં જાય છે. અઠવાડિયામાં કોઈ દિવસ એક – બે રજા પાડે છે. બાળક ભણવામાં મધ્યમ છે. બાળકને ચાર મિત્રો છે. તેઓ તેમની સાથે અભ્યાસ કરે છે. બાળક બહું વાંચવામાં સમય આપતો નથી. બાળકને કોઈ પણ પ્રકારનું વ્યસન નથી. બાળક કામ

કરવામાં શરમ અનુભવતો નથી. બાળકનાં કામનાં સમયે તેનાં મિત્રો કે બીજા કોઈ તેની હાસી ઉડાવતું નથી. બાળકનાં શિક્ષકો સાથેના વર્તન સારા છે.

બાળકનાં માતા- પિતા વિશે જોઇએ તો બાળકની માતાની ઉંમર (૪૫) વર્ષના છે. તેમને અભ્યાસ કરેલ નથી તેમને કોઈ પણ પ્રકારનું વ્યસન નથી. તેમનાં વ્યવસાય વિશે જોઈએ તો તેઓ ખેતરમાં કામ કરવા માટે જાય છે. તેમને કોઈ શારીરિક કે માનસિક ખામી નથી. તેમને એક દિવસના (૧૦૦) રૂપિયા રોજ આપવામાં આવે છે. પણ રોજ મજૂરી મળે તે નક્કી હોતું નથી. અમુક વખત એક વેરા મજૂરી મળે છે ત્યારે (૫૦)રૂપિયા મળે છે.

બાળકનાં પિતા વિશે જોઈએ તો તેમનાં પિતાની ઉંમર (૫૦) વર્ષનાં છે. તેમને ધોરણ (૫) સુધી અભ્યાસ કરેલ છે. તેમને કોઈ પણ પ્રકારનું વ્યસન નથી. તેમનાં વ્યવસાય વિશે જોઈએ તો તેઓ અનાજ દળવાની ઘંટીએ દળવા માટે કામે જાય છે. તેમને (૫૦) રૂપિયા રોજ આપવામાં આવે છે. તેમનાં પિતાને કોઈશારીરિક કે માનસિક ખામી નથી. તેમનાં ઘરની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી છે. તેના કારણે બાળક ગામના જ દવાખાનામાં કચરા-પોતું કરવા માટે જાય છે.

## ❖ કેતનકુમાર ક્નુભાઈ વાઘેલા

તેઓ (૧૫) વર્ષનાં છે. તેઓ ધોરણ (૯) માં અભ્યાસ કરે છે. તેઓ અભ્યાસમાં મધ્યમ છે. પણ ચિત્રકામમાં રસ ધરાવે છે. તેઓ સારા ચિત્રો દોરે છે. તેમને બે મિત્રો છે અને તેઓ પણ અભ્યાસ કરે છે. બાળક પરીક્ષાના સમયે જ વાચે છે. તેઓ હિન્દુ- ઠાકોર- બારૈયા જાતિના છે. તેમનાં ઘરનાં સભ્યો વિશે જોઈએ તો કુલ પાચ  સભ્યો છે. તેમને એક

બહેન છે. તેઓ હાલમાં ધોરણ (૪)માં અભ્યાસ કરે છે. અને ભાઈ ધોરણ (૯)માં અભ્યાસ કરે છે.

બાળકનાં વ્યવસાય વિશે જોઇએતો બાળક પાઈપ ફિટિંગ કરવા માટે જાય છે. બાળકને કોઈ શારીરિક કે માનસિક ખામી નથી ધરાવતું  નથી. તેઓ (૬) છ કલાક કામ કરે છે. તેમને એક દિવસનાં (૨૦૦) બસ્સો રૂપિયા રોજ મળે છે. પણ બાળક દરરોજ કામે જતો નથી પણ રજાઓના દિવસે અને અમૂક દિવસે નિશાળની રજા પાડીને કામે જાય છે. બાળક માતા- પિતાનાં દબાણથી કામ કરતો નથી. તેઓ પોતાની ખુશીથી કામ કરે છે. તેઓ કામ કરવામાં કોઈ શરમ અનુભવતાં નથી. તેમની કોઈ હાસી ઉડાવતું નથી. બાળકનાં શિક્ષકો અને મિત્રો સાથેના વર્તન સાંરા છે. તેઓ પોતાનાં વેતનનો ઉપયોગ ઘરવપરાશમાં અને પોતાનાં ખર્ચમાં એટલે શાળામાં નોટો- પેન વગેરે જેવી વસ્તુ વાપરવામાં કરે છે.

બાળકનાં ઘર વિશે જોઈએ તો તેમનું ઘર કાચું છે. અને કોઈ ઇલેક્ટ્રિક સાધન નથી. એટકે કે ઘરમાં લાઈટ પણ નથી. બાળક કોઈ શારીરિક કે માનસિક ખામી ધરાવતું નથી.

બાળકનાં માતા- પિતા વિશે જોઇએ તો તેમની માતાની ઉંમર (૪૦) ચાલીસ વર્ષનાં છે. તેમને વ્યસન નથી. તેમને અભ્યાસ કરેલ નથી. તેમનાં વ્યવસાય વિશે જોઇએ તો તેઓ  ખેતરમાં મજૂરી કરવા માટે જાય છે. તેમને (૧૦૦) સો રૂપિયા રોજ મળે છે. પણ કારણ એ હોય છે કે મજૂરી દરરોજ મળે તે જરૂરી નથી. અમુક સમયે એક વેરા મળે છે. ત્યારે (૫૦) પચાસ રૂપિયા મળે છે.

તેમનાં પિતા વિશે જોઈએ તો તેમની ઉંમર (૪૫) પિસ્તાલીસ વર્ષનાં છે. તેમને ધોરણ (૫) પાંચ સૂધી અભ્યાસ કરેલ છે. તેમને કોઈ પણ પ્રકારનું વ્યસન નથી. તેઓ કોઈ શારીરિક કે માનસિક ખામી ધરાવતા નથી. તેમનો વ્યવસાય વિશે જોઈતો તેઓ ખાનગી ગાડી ફેરવવા જાય છે. તેમને મહીને ૩૦૦૦/- રૂપિયા વેતન મળે છે.

# પ્રકરણ -૫

# સારાંશ, તારણો અને ભલામણો

# પ્રકરણ -૫ સારાંશ, તારણો અને ભલામણો


| | | |
|---|---|---|
| ૫.0 | પ્રસ્તાવના | |
| ૫.૧ | સારાંશ | |
| | ૫.૧.૧ સમસ્યાકથન | |
| | ૫.૧.૨ અભ્યાસના હેતુઓ | |
| | ૫.૧.૩ અભ્યાસના ક્ષેત્રો | |
| | ૫.૧.૪ સંશોધનનો પ્રકાર | |
| | ૫.૧.૫ માહિતી એકત્રીકરણ ઉપકરણ | |
| | ૫.૧.૬ માહિતીનું પૃથક્કરણ | |
| ૫.૨ | સંશોધનના તારણો | |
| ૫.૩ | ભલામણો | |
| ૫.૪ | ભવિષ્યના સંશોધનની દિશાઓ | |
| ૫.૫ | ઉપસંહાર | |

# પ્રકરણ -૫

# સારાંશ, તારણો અને ભલામણો

## ૫.૦ પ્રસ્તાવના

આ પ્રકરણમાં અંતર્ગત હાથ ધરવામાં આવેલ સંશોધન નો નીચોડરજૂકરવામાં આવે છે. આ નીચોડ પરથી વાંચક મુલ્યાંકનકાર સમગ્ર સંશોધન પાછળનો આશય હેતુઓ અને પરિણામો વિશે ઝળપથી જાણી શકાય છે. પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસ સારાંશ, તારણો, સૂચનો અને ભાવિ સંશોધન માટેની ભલામણોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. અભ્યાસની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં અગાઉ કેવા અભ્યાસ કરી શકાય એમ છે તે જાણી શકાય છે.

## ૫.૧સારાંશ

આ મુદ્દા અંતર્ગત સમસ્યા, અભ્યાસનાં હેતુઓ, માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણનો સારાંશ રજૂ કરવામાં આવેલ છે.

### ૫.૧.૧ સમસ્યાકથન

બાળમજૂરીકરતાં બાળકોનો વ્યકિત અભ્યાસ

### ૫.૧.૨ અભ્યાસના હેતુઓ

સામાન્ય રીતે કોઈપણ કાર્ય કરવા પાછળ કોઈને કોઈ પ્રયોજન હોય છે. કોઈપણ સંશોધન સહેતુક અથવા હ્તુપૂર્ણ હોય છે. હેતુવિનાનું કાર્ય દિશાશૂન્ય બની જાય છે. કોઇપણ વ્યક્ત કાર્ય કરે તો તેની પાછળ ચોક્કસ હેતુ રહેલો હોયછે. હેતુપૂર્વકનું આયોજન કાર્યને આગળ ધપાવે છે.

અભ્યાસનાં હેતુઓ એ સમગ્ર સંશોધન કાર્યનો કેન્દ્રવર્તી ભાગ છે. હેતુઓ સ્પષ્ટકર્યા વગર કોઇપણ સંશોધન અભ્યાસ હોય શકે જ નહી.

પ્રસ્તુતસંશોધન માટે નીચે મુજબના હેતુઓ નક્કી કરવામાં આવ્યા છે.

૧) બાળકોનાબાળમજૂરીકરવાનાકારણોનોઅભ્યાસ કરવો

૨) બાળકોના ઘરની આર્થક પરિસ્થિતિનોઅભ્યાસ કરવો.

૩) બાળકોની કૌટુંબિક પરીસ્થિતિનો અભ્યાસ કરવો.

૪) બાળકોની શૈક્ષણિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

૫) બાળકો જે કામ કરે છે તેનાં કલાકો અને વેતનનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૫.૧.૩ અભ્યાસનાં પ્રશ્નો

કોઇપણ અભ્યાસ ખાસપ્રશ્નોને ધ્યાનમાં રાખીને કરવામાંઆવે તો વધુ વિશ્વાસાત્મક તથા ચોક્કસ માહિતી મેળવી શકાય છે. આથી જ અભ્યાસની શરૂઆતમાં કેટલાંક મુખ્ય મુદ્દાને ધ્યાનમાં રાખીને પ્રશ્નોને તૈયાર કરવામાં આવે છે.

૧) બાળક કેવા સમાજમાંથી આવે છે ?

૨) બાળકની આર્થિક પરિસ્થિતિ કેવી હશે ?

૩) બાળકનું શિક્ષણ કેટલું છે ?

૪) બાળકના ઘરનાં સભ્યો કેટલાં છે ?

૫) બાળકનાં બીજા ભાઈ – બહેનનો શૈક્ષણિક અભ્યાસ કેટલો હશે ?

૬) બાળકને કેટલું વેતન મળે છે?

૭) બાળક કેટલાં કલાક કામ કરે છે ?

### ૫.૧.૪ સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધનવ્યક્તિઅભ્યાસ પ્રકારનું છે

### ૫.૧.૫ માહિતી એકત્રીકરણ ઉપકરણ

સાક્ષાત્કાર – બાળમજૂરો, વાલીઓ અને શિક્ષકો સાથે

### ૫.૧.૬ માહિતીનું પૃથક્કરણ

ગુણાત્મક રીતે વિષયવસ્તુનુંપૃથક્કરણ કરવામાં આવશે

### ૫.૨સંશોધનનાં તારણો

પ્રસ્તુત સંશોધનનાં તારણો નીચે પ્રમાણે છે

૧) બાળમજૂરીકરતાં બાળકોનાં ઘરનાં સભ્યોની સંખ્યા ૭ થી ૮ છે.

૨) બાળમજૂરી કરતાં તમામબાળકો મોટા ભાગે છૂટકમજૂરી અને ખેતમજૂરી કરેછે.

૩) બાળમજૂરી કરતાં તમામબાળકો પછાત જાતિનાં છે.

૪) બાળમજૂરી કરતાં તમામ બાળકો સરકારી શાળામાં ભણે છે.

૫) બાળમજૂરી કરતાં બાળકોની ઘરની પરિસ્થિતિ ખૂબ જ નબળી  છે.

૬) બાળમજૂરી કરતાં બાળકોનાં માતા – પિતા અભણ અથવા માંડ પ્રાથમિકધોરણસૂધીઅભ્યાસ કરેલ છે.

૭) બાળમજૂરી કરતાં બાળકો પોતાનાં વેતનનો ઉપયોગ ઘરવપરાશ તેમજ પોતાનાં ખર્ચનાં વપરાશ માટે કરે છે.

૮) બાળમજૂરી કરતાં બાળકો મજબૂરીથી કામ કરેછે.

૯) બાળમજૂરી કરતાં બાળકો ૬ થી ૮ કલાક કામ કરેછે.

૧૦) બાળમજૂરી કરતા બાળકોદિવસેકામકરેછે.

૧૧) બાળમજૂરી કરતા બાળકોને ૧૦૦ થી ૨૦૦ રૂ. રોજ મળે છે.

૧૨) બાળમજૂરી કરતાં બાળકો પોતાનાં ગામમાં જ મજૂરી કરેછે.

૧૩) બાળમજૂરોનાં માતા – પિતાછૂટક મજુરી કે ખેત મજુરી કરેછે.

૧૪)અમૂક બાળમજૂરોનાં પિતા હયાત નથી.

૧૫) બાળમજૂરોના ઘરમાં સુખ સગવડની કોઈ વ્યવસ્થા નથી .

૧૬) બાળમજૂરી કરતાં બાળકોનાં ઘરમાં કોઈ ઇલેક્ટ્રિકસાધન જોવા મળતું નથી.

૧૭) બાળમજૂરી કરતાં બાળકો તથા તેમનાં કુટુંબમાં કોઈ સભ્યને શારીરિક કે માનસિક ખામી નથી .

૧૮) બાળમજૂરી કરતાં બાળકો રમત-ગમત તેમજ ચિત્રકામમાં રસ ધરાવે છે.

૧૯) બાળમજૂરી કરતાં બાળકો સાથે તેમનાં શિક્ષકોનું વર્તન સારું છે.

૨૦) બાળમજૂરોનાં સમાજના અન્ય બાળકો પણ મજૂરી કરવાં માટે જાય છે, મજુરી છોડીને ભણવામાં આગળ વધવાની ઇરછા ધરાવે છે.

૨૧) બાળમજૂરો મોટાભાગે વર્ષ દરમિયાન એક જ પ્રકારનું કામ કરે છે.

૨૨)  બાળમજૂરો દરેક તહેવારો તથા પ્રસંગોમાં જવાનું પસંદ કરે છે.

૨૩) બાળમજૂરોનાં મિત્રો સાથે વર્તન સારું જોવા મળે છે.

૨૪) બાળમજૂરી કરતા અમૂકબાળકોનાંપિતાવ્યસન કરે છે.

૨૫) બાળમજૂરી કરતા બાળકોને શાળામાં શિષ્યવૃત્તિનો લાભ મળે છે.

૨૬) બાળમજૂરી કરતાં બાળકોનાં ઘર આવાસ યોજનામાં બનેલ છે.

## ૫.૩ભલામણો

૧)સરકારી શાળાઓમાં આવાં બાળકોને આર્થિક સહાય કરવી જોઈએ જેથી તેઓ આર્થિક ઉપાર્જન માટે બાળમજૂરી કરવા ન જાય.

૨) બાળમજૂરી કરતાં બાળકો આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે મજૂરી કરે છે. પરંતુ જો સરકાર તેમને આર્થિક સહાય કરે અથવા તેમને શિક્ષણ પુંરૂ મળે તેવા પ્રયાસો કરે તો જ બાળમજૂરી અટકી શકે છે.

૩) સરકારે “બાળમજૂરી રોકો” આ માટે વિવિધ યોજનાઓ ઘડવી જોઈએ.

૪) બાળમજૂરો કામને લીધે ભણતરમાં મુશ્કેલી અનુભવે છે , તો તે માટે તેમના શિક્ષકો એ તેમના સૈક્ષણિક કાર્યમાં તેમને મદદરૂપ થવું જોઈએ અને તેમના માતા-પિતાને પણ સમજાવવા જોઈએ કે હાલમાં તેઓ બાળકોને શિક્ષણથી વંચિત રાખી તેમનું ભવિષ્યઅંધકારમય બનાવી રહ્યા છે.

૫) બાળમજૂરો ભાષા અને ચિત્રમાં રસ ધરાવે છે. તો તેઓ પોતાના મનગમતા ક્ષેત્રમાં આગળ વધે તેમાટે વિવિધ કાર્યકમો, યોજનાઓ ઘડવી જોઈએ.

૬) બાળમજૂરોનીશિષ્યવૃત્તિની રકમમાં વધારો કરવો જોઈએ.

૭) બાળમજૂરો વિવિધ રમતમાં રસ ધરાવે છે તો તેમને શાળા તરફથી વિવિધ સ્પર્ધાઓમાં મોકલીઆગળ વધારવાંજોઈએ, જેથી તેઓ બાળમજૂરીથીદૂર રહે.

૮) દરેક બાળમજૂર ઉચ્ચ શિક્ષણ લઈને આગળ વધે તથા પોતાના જેવા અન્ય બાળમજૂરોને પણ મજૂરી કરતા રોકે અને દેશના સારાં નાગરિક બનીને પોતાનું ભવિષ્યઉજળું બનાવે તેવાં પ્રયાસો કરવા જોઈએ.

૯) બાળમજૂરોનાપિતાઓ વ્યસન કરે છે. અને તેમની સાથે ખરાબ વર્તન કરે છે તો આ અટકાવવા માટે પણ સરકાર અને અનેક સામાજિક મંડળો એ જાગૃતિ લાવવી.

૧૦)બાળમજૂરોમાં ઘણાંના માતા-પિતા નથી, તો તેમની જવાબદારી કોઈ અનાથ આશ્રમે લઈને તેમને આર્થિક મદદ કરી ભણવવા જોઈએ.

૧૧) બાળમજૂરો નો જ સાથ સહકાર લઈને તેમને પોત્સાહિત કરવા જેથી તેઓ તેમના મિત્રોને ભણવા પોત્સાહિત કરે અને પોતાની જાતને પણ આ બાળમજૂરી રૂપ ખાડામાંથી બહાર લાવે .

૧૨) બાળમજૂરોનાસમાજનાઅન્ય બાળકો પણ બાળમજૂરી કરવા જાય છે તો આ બાળમજુરી કલંક દુર થઈ જાય તે માટે બાળમજૂરીને લગતા કાયદા અંગે જનજાગૃતિ લાવવી જોઈએ.

૧૩) બાળમજૂરોની શિષ્યવૃતિની રકમમાં વધારો કરવો જોઈએ.

૧૪) બાળમજૂરોનું વાર્ષિક શૈક્ષણિક પરિણામ ઓછું આવે છે તો તેમના શિક્ષકોએ તેમની કચાસ દૂર કરી , તેમને વધુમાં વધુ સમય ફાળવવો જોઈએ.

૧૫) બાળમજૂરોના માતા-પિતામાં "બાળમજૂરીગુનો છે,"તે અંગે જાગ્રતિલાવવી જોઈએ.

## ૫.૪ ભવિષ્યના સંશોધનની દિશાઓ

કોઈ પણ સંશોધનના તારણો તથા સૂચક બની રહે છે. પ્રસ્તુત સંશોધનના આધારે આ દિશામાં ભવિષ્યના સંશોધનો સંશોધકે નીચે મુજબ સૂચવ્યા છે.

૧) ભારત સરકાર દ્વારા બાળમજૂરી અટકાવવા કયા – કયા કાર્યક્રમો થયાં છે? આ વિષય ઉપર સંશોધન કાર્ય હાથ ધરી શકાય.

૨) બાળમજૂરોને સહારો આપતી સંસ્થાઓના કાર્યો ઉપર સંશોધન હાથ ધરી શકાય.

૩) બાળમજૂરી અટકાવવા માટે જનજાગૃતિના કાર્યક્રમો ઉપર પણ સંશોધન હાથ ધરી શકાય.

૪) જેમ વિશ્વમાં સૌથી વધારે બાળમજૂરો ભરતમાં જોવા મળે છે? આ વિષય ઉપર સંશોધન કાર્ય થઈ શકે છે.

## ૫.૫ ઉપસંહાર

પ્રસ્તુતસંશોધનનું છેલ્લું પ્રકરણ છે તેનાં તારણો, સૂચનો, સારાંશ અને માહિતીની રજૂઆત કરવામાં આવે છે.

# સંદર્ભસૂચિ


માધ્યમિક શિક્ષણ પરિક્ષણ, વર્ષ એપ્રિલ ૨૦૧૦, અંક-૧૧, પ્રકાશન : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકશિક્ષણબોર્ડ, ગાંધીનગર.

ઉચાટ ડી.એ., જોષી એમ,ઓ.દોંગા, એન.એસ. અને અંબાસણા એ.ડી. સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો? રાજકોટ, નિજિજન સાયકો સેન્ટર, ૧૯૮૮.

ઉચાટ ડી.એ. સંશોધન વિમર્શ, રાજકોટ, સંશોધનની વિશિષ્ટ પદ્ધતિ. ૧૯૯૮.

ચાર્મી પટેલ, (૨૦૧૩).માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં પાંચ બાળમજૂર વિદ્યાર્થીની

જીવનકથાનો અભ્યાસ. અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

બેનઝીર એસ મુનસી, (૨૦૧૦).કચરો વીણઅપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.નારમાંથીકોઈ એકની પસંદગી કરીને તેનો અભ્યાસ.અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

રંજન એ સીંઘ (૨૦૧૧) પ્રાથમિક શાળામાં ભણતાં પાંચબાળમજૂરોનીજીવનકથાનોઅપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.શૈક્ષણિકસંદર્ભમાં અભ્યાસ અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

પાયલ પી. પટેલ(૨૦૦૮) બાળમજૂરી એક સામાજિક સમસ્યાઓનો અભ્યાસઅપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

ચેતનાબેન સી. વ્યાસ(૨૦૦૪). બાળમજૂર વિદ્યાર્થીઓ તથા સામાન્ય વિદ્યાર્થીઓના અભ્યાસ પ્રત્યેના વલણો અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

રાકેશ એમ. ચૌધરી(૨૦૦૬/૦૭) આદિવાસી ખેતમજૂરોનો અભ્યાસ.અપ્રકાશિત લઘુશોધ નિબંધસરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

મહેન્દ્ર ડી. કટાર(૨૦૦૧) જંગલખાતામાં કામ કરતાં આદિવાસી મજૂરોનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ.અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

ચાર્મી પટેલ (૨૦૧૩). માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં પાંચ બાળમજૂર વિદ્યાર્થીની જીવનકથાનો અભ્યાસ.અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

રમાબેનડી. મરછર.(૧૯૯૮-૯૯).આદિવાસી ખેતમજૂરઅનાથ બાળકોનાં બહેનો નો અભ્યાસ . કાળીયા ગામને કેન્દ્રમાં રાખીને.અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

રૂપાલી દલાભાઈ પટેલ (૨૦૦૬)નડીયાદ શહેરના હિન્દુ અનાથઆશ્રમનાં અનાથ બાળકોનાં કૌટુંબિક, શૈક્ષણિક, વ્યકિતગત માહિતીનું ઘડતર અને આયોજન . અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

ભીમાણી કિરણ વી. (૨૦૦૭) બાળસંરક્ષણ ગૃહમાં રહેતા બાળકોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ. અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

દિલીપ કુમાર જે. (૨૦૦૫/૦૬) ઓબ્ઝર્વેશન હોમમાં રહેતા બાળકોની પરિસ્થિતિનો અભ્યાસ.(અહીં આ અભ્યાસ અમદાવાદ ખાનપૂર વિસ્તાર સ્થિત છે. અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

સંજય પી. પંડ્યા(૨૦૦૨/03) હિન્દુ દત્તવિધાન અને ભરણ-પોષણ અધિનિયમ ૧૯૫૬ અન્વયે બાળક દત્તક મેળવેલ દંપતીનો અભ્યાસ. (અમદાવાદ શહેરમાં અભ્યાસ કરવામાં આવ્યો છે.) અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

નીલમ સી પંડ્યા. (૨૦૦૨/03) મહીપતરામ રૂપરામ અનાથઆશ્રમ માંથી અઢાર વર્ષની ઉંમરે છુટા થયેલા અને અનાથ યુવક જાગૃતિ મંડળનો એક અભ્યાસ. અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

ઈલા બી (૧૯૯૯) આદિવાસી ખેતમજૂરોનો અભ્યાસ.

મધુકાંત એન. વાઢેર(૨૦૦૦/૦૧) દલિત ખેતમજૂર મહિલાઓનો અભ્યાસ,(બલાગામને કેન્દ્રમાં રાખીને) અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.

વાઘેલા મુકેશ આર.(૧૯૯૭) ખેતમજૂરોનોઆર્થિક સામાજિક અભ્યાસ. (વિજાપુર તાલુકાના મોરવાડ ગામને કેન્દ્રમાં રાખીને) અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સરદાર પટેલ યુનિવર્સિટી:વલ્લભ વિદ્યાનગર.